RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 242* Date: 29.06.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મન કી બાત દ્વારા વડાપ્રધાને લદાખના મુદ્દે ચીનને સાફ સાફ સુણાવ્યું

# ભારતને આંખ દેખાડનારાઓને જડબાતોડ જવાબ મળશેઃ મોદીનો ટંકાર

*ન્યુ દિલ્હી,તા.૨૮*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાનની જેમ ચીનને પણ તેની જ ભાષામાં જવાબ આપતાં રણટંકાર કરીને જણાવ્યું હતું કે ભારતને મિત્રતા નિભાવતા આવડે છે તો ભારતની તરફ આંખ ઉઠાવીને જોનારાઓની આંખોમાં આંખ મિલાવીને જડબાતોડ જવાબ આપતાં પણ આવડે છે. અને ચીનને લદ્દાખમાં ભારતની સામે આંખ ઉઠાવીને જોવાનો જડબાતોડ જવાબ પણ મળ્યો છે. તેઓ આજે આકાશવાણી રેડિયોના માધ્યમથી તેમના માસિક કાર્યક્રમ મન કી બાતમાં રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યાં હતા ત્યારે તેમના વક્તવ્યમાં લદ્દાખની ગલવાન ખીણ પ્રદેશમાં ભારત અને ચીન વચ્ચે થયેલી હિંસક અથડામણ, ભારતના ૨૦ જવાનોની શહીદી, લોકડાઉનની અસરો, પાણી બચાવો સહિત અન્ય મુદ્દા પર બોલી રહ્યાં હતા.

દર મહિનાના છેલ્લાં રવિવારે વડાપ્રધાન મોદી "મન કી બાત" દ્વારા દેશને સંબોધન કરે છે. એ શ્રૃંખલામાં તેમણે આજે જૂનના છેલ્લાં રવિવારે ફરી એકવાર મન કી બાતમાં સંબોધન કર્યું ત્યારે તેમણે લદ્દાખ ઘટનાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ચીનના દાંત ખાટા કરી નાંખવાના ભારતના મક્કમ ઈરાદાઓનો પડઘો પાડતાં ચીનને ઉદ્દેશીને ભારતે જેમની સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો એ ચીને દગો આપીને ભારતના જવાનોને શહીદ કર્યાના બનાવનો ઉલ્લેખ કર્યો હતો.



તેમણે મન કી બાત કાર્યક્રમમાં લદ્દાખમા શહીદ થયેલા ૨૦ જવાનોને શ્રદ્ધાંજલિ આપીને કહ્યું કે અમને મિત્રતા નિભાવતા આવડે છે તો દુશ્મનની આંખોમાં આંખો નાંખીને જવાબ આપતાં પણ આવડે છે, લદ્દાખના જવાનોની શહાદતને આખો દેશ યાદ રાખશે.

લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે ઝપાઝપી પર વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે, ભારતની ભૂમિ પર આંખ ઉઠાવીને જોનારાઓને ભારત અને અમારા જવાનો તરફથી જડબાતોડ જવાબ મળ્યો છે

હાલના ૨૦૨૦ના વર્ષમાં કોરોના, ભૂકંપ, વાવાઝોડુ,તીડના હુમલા વગેરે. આપત્તિઓના સંદર્ભમાં સામાન્ય લોકોની લાગણીનો પડઘો પાડીને તેમણે કહ્યું કે, લોકો કહી રહ્યા છે કે આ વર્ષ ક્યારે પસાર થશે. આ વર્ષ સારો નથી, આ શુભ નથી લોકો ઈચ્છે છે કે આ વર્ષ વહેલી તકે પસાર થઈ જાય. આ વર્ષે અમ્ફાન, નિસર્ગ તૂફાન આવ્યા, ભૂકંપના આંચકા પણ આવ્યા અને પડોશી દેશો સાથે તણાવ પણ સર્જાયો. તેમ છતાં આ વર્ષને ખરાબ માની લેવું યોગ્ય નથી.તેમણે સવાલ કર્યો કે શું આ બધી આપત્તિઓને કારણે આપણે સન. ૨૦૨૦ને ખરાબ માની લેવું જોઈએ?. એક વર્ષમાં એક મુશ્કેલી આવે કે હજાર, એનાથી એ વર્ષ ખરાબ ન થઈ જાય. કેટલાક રાજ્યોમાં આપણા ખેડૂત ભાઈ બહેનો તીડના હુમલાથી હેરાન થઈ રહ્યા છે, તો દેશના ઘણા ભાગોમાં નાના નાના ભૂંકપના આચંકા અટકવાનુ નામ નથી લઈ રહ્યા એમ પણ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, આ વખતે મન કી બાત કાર્યક્રમ માટે તેમણે ૧૪ જૂને ટ્વિટ કરીને પ્રજા પાસે સૂચનો માંગ્યા હતા. વર્ષ ૨૦૨૦ની અડધી સફર પુરી થઈ ગઈ છે. જ્યાં જુઓ ત્યાં મહામારીની ચર્ચા થઈ રહી છે. દરેક એક જ વિષય પર ચર્ચા કરી રહ્યું છે કે આ વર્ષ ઝડપથી જતું રહે, આ બિમારી ક્યારે ખતમ થશે. કોઈ કહી રહ્યું છે કે, ૨૦૨૦ શુભ નથી. ક્યારેક ક્યારેક તો વિચારું છું કે આવું કેમ થઈ રહ્યું છે, એમ પણ તેમણે કહ્યું હતું.

તેમણે ચીનના મામલે દેશવાસીઓને વિશ્વાસ અપાવતાં કહ્યું કે, લદ્દાખમાં ભારતની ભૂમિ પર આંખ ઉઠાવીને જોવા વાળાઓને જડબાતોડ જવાબ આપ્યો છે. લદ્દાખમાં જે ૨૦ જવાન શહીદ થયા છે તેમને આખો દેશ નમન કરે છે. આ સાથીઓના પરિવારના જેમ દરેક ભારતીય તેમને ગુમાવવાનું દુઃખ અનુભવી રહ્યા છે.

કોરોના સંકટ અને લોકડાઉન તથા અનલોકનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, કોરોના સંકટના સમયે દેશ હવે લોકડાઉનથી બહાર નિકળી ગયું છે. અનલોકમાં કોરોનાને મ્હાત આપવા અને અર્થવ્યવસ્થાને મજબૂત કરવા પર ભાર આપવામાં આવી રહ્યું છે.

તેમના સંબોધનમાં અન્ય મુદ્દા પર નજર નાખીએ તો, તેમણે પાણી બચાવોનો સંદેશો આપતાં કહ્યુંકે, દેશના એક મોટા ભાગમાં ચોમાસું પહોંચી ગયું છે. આ વખતે હવામાન વૈજ્ઞાનિક પણ ચોમાસા અંગે ઉત્સાહિત છે. સારો વરસાદ થશે તો પ્રકૃતિ પ્રફુલ્લિત થશે, ખેડૂતો પણ ખુશ થઈ જશે. આનાથી પ્રકૃતિ રીફિલિંગ કરે છે. આમાં આપણો થોડો પ્રયાસ પણ ઘણો મદદગાર હશે. કર્ણાટકના કામેગૌડાએ ઘણું અસાધારણ કામ કર્યું છે તે પોતાના જાનવર ચરાવે છે અને આસપાસ નાના નાના તળાવ બનાવવામાં લાગ્યા છે. અત્યાર સુધી તે ૧૬ તળાવ પોતાની મહેનતથી ખોદી ચુક્યા છે. બની શકે છે કે આ તળાવ નાના હોય પણ તેમનો પ્રયાસ મોટો છે.

આઝાદી પહેલા આપણો દેશ ડિફેન્સ સેક્ટરમાં દુનિયાના ઘણા દેશોથી આગળ હતો. એ વખતે ઘણા દેશ આપણાથી પાછળ હતા જે આજે આગળ છે. આપણે આપણા જ જૂના અનુભવોનો લાભ ઉઠાવવો જોઈએ હતો પણ એ આપણે ન કરી શક્યા. આજે ભારત પ્રયાસ કરી રહ્યો છે. આત્મનિર્ભરતા તરફ એક ડગલું ભરી રહ્યો છે. કોઈ પણ વિઝન સૌના સહયોગ વિના શક્ય નહી બની શકે. લોકલ માટે વોકલ હશે તો એ પણ દેશસેવા જ હશે.

### દેશમાં સંક્રમિતોની સંખ્યા વધીને ૫,૨૯,૮૫૯ થઈ, કુલ મૃત્યુઆંક ૧૬૦૦૦ને પાર

# કોરોનાનો કાળો કેરઃ ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨૦ હજાર કેસ, ૪૧૦ના મોત

**અત્યાર સુધી ૨,૦૩,૪૮૬ એક્ટિવ કેસ, જ્યારે ૩,૦૯,૭૧૩ દર્દીઓ સાજા થયા,મહારાષ્ટ્રમાં ૩ મહિના પછી સલૂન ખૂલ્યા**

*ન્યુ દિલ્હી,તા.૨૮*

સમગ્ર દેશ ૩ દિવસ પછી ૧ જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટની આશામાં છે ત્યારે કોરોના મહામારીનો કાળો કેર ઘટવાને બદલે સતત વધી રહ્યો હોય તેમ એક જ દિવસમાં અત્યારસુધીના સૌથી વધુ ૨૦ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અત્યાર સુધી રોજે રોજ ૧૫ હજાર, પછી ૧૮ હજાર અને હવે ૨૦ હજારની આસપાસ કેસો બહાર આવી રહ્યાં છે. દેશમાં ટેસ્ટિંગમાં વધારો કરવાને કારણે દરરોજ રેકોર્ડબ્રેક કેસ સામે આવી રહ્યા છે. આજે રવિવારે સવારે પૂરા તયેલા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોની માહિતી જાહેર કરવામાં આવી ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૧૩૪ નવા કેસ નોંધાયા અને ૪૧૦ લોકો મોત થયા છે. દરમ્યાનમાં મહારાષ્ટ્રમાં ૩ મહિના પછી આજે સલૂન ખૂલ્યા હતા. જો કે વાળ કપાવવા માટે અગાઉથી અપોઈન્ટમેન્ટ લેવી પડશે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, શનિવારે ૨ લાખ ૩૨ હજાર ૦૯૫ ટેસ્ટ કર્યા હતા. આ સાથે જ ૨૭ જૂન સુધી દેશમાં ૮૨ લાખ ૨૭ હજાર ૮૦૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ, કોરોના વાયરસના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૫,૨૯,૮૫૯ થઈ ગઈ છે. ૨૪ કલાકમાં ૧૯,૯૦૬ કેસ સામે આવ્યા છે. અત્યાર સુધી દેશમાં ૨,૦૩,૪૮૬ એક્ટિવ કેસ છે જ્યારે ૩,૦૯,૭૧૩ કેસ સાજા થઈ ગયા છે. અને ૧૬,૧૧૨ લોકોના અત્યાર સુધી કોરોનાના કારણે મોત થયા છે. સાથે જ દેશભરમાં ૩ લાખ ૧૦ હજારથી વધુ લોકો સાજા થયા છે.દેશભરમાં સૌથી વધુ ૧ લાખ ૫૯ હજારથી વધુ દર્દી તો માત્ર મહારાષ્ટ્રમાં જ છે. અહીંયા ૭ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તો ૮૦ હજારથી વધુ દર્દીઓ સાથે દિલ્હી બીજા ક્રમે છે. અહીંયા ૨ હજારથી વધુ લોકોના મોત થયા છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકની અંદર ૨૦,૧૩૨ કોરોનાના દર્દીઓ વધ્યા છે. સૌથી વધારે મોત મહારાષ્ટ્રમાં ૭૨૭૩ લોકોના થયા છે. પરંતુ વસ્તીના હિસાબથી સૌથી વધુ મોત દિલ્હીમાં થયા છે. રાજધાનીમાં અહીંયા પ્રતિ ૧૦ લાખની વસ્તી પર ૧૨૯ લોકોના મોત થઈ રહ્યા છે, જે દેશમાં સૌથી વધારે છે.આસામની રાજધાની ગુવાહાટીમાં ૨૭ જૂનથી ૧૪ દિવસ માટે ટોટલ લોકડાઉન શરૂ થશે. આ વખતે નિયમો પહેલા કરતા વધુ કડક હશે. રાજ્યમાં એસપી અને અન્ય અધિકારીઓ સહિત ૩૦ પોઝિટિવ મળ્યા હતા.

મહારાષ્ટ્રમાં શનિવારે સૌથી વધુ ૬૩૬૮ સંક્રમિત મળ્યા અને ૧૬૭ લોકોના મોત થયા હતા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૫૯ હજાર ૧૩૩ થઈ ગઈ છે, જેમાંથી ૬૭ હજાર ૬૦૦ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૭૨૭૩ લોકોના મોત થયા છે. જૂલાઈથી મુંબઈની હોસ્પિટલે કોરોનાના મૃતકોની માહિતી ગૂગલ ફોર્મ દ્વારા આપવાની રહેશે.

કર્ણાટકના બેંગલુરુમાં હવે દર રવિવારે ટોટલ લોકડાઉનના કારણે આજે રવિવારે બંધ રહ્યું હતું.. નાઈટ કર્ફ્યૂ પણ એક કલાક પહેલા ૮ વાગ્યાથી શરૂ થઈ જશે. નિયમાનુસાર, બહારથી આવેલા લોકોને ૧૪ દિવસ હોમ ક્વૉરન્ટીનમાં રહેવું પડશે. જો કે, મહારાષ્ટ્રાથી પાછા આવ્યા પછી ૭ દિવસ માટે ફરજીયાત પણે ક્વૉરન્ટીન સેન્ટરમાં રહેવું પડશે.

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં શનિવારે ૬૦૬ નવા દર્દી સામે આવ્યા અને ૧૯ લોકોના મોત થયા હતા. ગૌતમબુદ્ધનગર(નોઈડા)માં ૧૨૬, ગાઝિયાબાદમાં ૬૯ અને લખનઉમાં ૨૯ પોઝિટિવ કેસ વધ્યા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૨૧ હજાર ૫૪૯ થઈ ગઈ છે, જેમાંથી ૬૬૮૫ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૬૪૯ લોકોના મોત થયા છે.મધ્યપ્રદેશમાં ગઈકાલે શનિવારે ૧૬૭ નવા દર્દી સામે આવ્યા અને ૪ લોકોના મોત થયા હતા. ભોપાલમાં ૪૧, ઈન્દોરમાં ૩૨, મુરૈનામાં ૧૮ પોઝિટિવ કેસ વધ્યા. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૨ હજાર ૯૬૫ થઈ ગઈ છે, જેમાં ૨૪૪૪ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૫૫૦ લોકોના મોત થયા છે.જ્યારે, છેલ્લાં ૨૪ કલાકમાં તામિલનાડુમાં ૩,૭૧૩ કેસ, તેલંગણામાં ૧,૦૮૭, કર્ણાટકા ૯૧૮, આંધ્રપ્રદેશ ૭૯૬, ગુજરાત ૬૧૫, બિહાર ૩૦૧, કેરળ ૧૯૫, ગોવા ૮૯ અને પોન્ડિચેરી ૮૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે દિલ્હીમાં ૨,૯૪૮ નવા કેસ નોંધાયા છે.

# વિશ્વમાં કોરોના વાયરસનો આંકડો એક કરોડને પાર

*વોશિંગ્ટન,તા.૨૮*

દુનિયાભરમાં કોરોના વાયરસના કેસની સંખ્યા એક કરોડને પાર થઈ ગઈ છે. વર્લ્ડોમીટર મુજબ, મોડી રાત્રે કોરોનાના દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૫૨ હજારને પાર થઈ ગઈ હતી. એવા અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યા હતા કે ગરમીમાં વાયરસના પ્રકોપમાં ઘટાડો થઈ શકે છે જો કે આવું કંઈ થયું નથી જૂન માસમાં જ પ્રત્યેક દિવસે સવા લાખથી વધારે કેસ નોંધાયા છે. કોરોનાના ૬૭ ટકા કેસ મેથી જૂનમાં સામે આવ્યા છે.

મે માસમાં દરરોજ લગભગ એક લાખ અને જૂનમાં દરરોજ લગભગ એક લાખ ૩૫ હજાર નવા કેસ સામે આવ્યા છે. ત્યાંજ ૯૦ ટકા કોરોનાના કેસ એપ્રિલ-મે-જૂનમાં નોંધાયા છે. માર્ચમાં સૌથી વધારે એક લાખ ૯૦ હજારથી વધારે લોકોના મોત થયા હતા. ત્યારે ઈટાલી, ફ્રાન્સ, સ્પેનાં મહામારી પીક પર હતી અને અમેરિકામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હતો. મે-જૂનમાં કેસ તો વધ્યા પરંતુ તેમાંથી ૬૦ ટકા દર્દીઓમાં કોઈ લક્ષણ દેખાયા નહતા તેથી મૃત્યુઆંક ઘટાડો થયો છે. દુનિયામાં નાના-મોટા એવા ૩૮ દેશો છે જેમણે કોરોના પર જીત મેળવી લીધી છે અથવા તેની નજીક છે. જ્યારે તલાવુ, સોલોમન, આઈલેન્ડ જેવા નવ નાના દ્વીપીય દેશો છે જ્યાં કોરોનાના એક પણ કેસ નોંધાયો નથી. ન્યૂઝીલેન્ડ ગયા અઠવાડિયે કોરોના મુક્ત થયો હતો જો કે ત્યાબાદ હવે ત્યાં પણ નવા કેસ સામે આવ્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૬૨૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૧૩૯૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૯૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૨૮૦૮**

### દિલ્હીમાં કોરોના કમ્યુનિટી ટ્રાન્સમિશન નથી

# અમે સંસદમાં ચીનના મુદ્દે ૧૯૬૨થી લઈ અત્યાર સુધી ચર્ચા કરવા તૈયારઃ શાહનો રાહુલ ગાંધી પર પલટવાર

*ન્યુ દિલ્હી,તા.૨૮*

લદ્દાખ ચીન સાથે સીમા વિવાદ પર ગૃહ મંત્રી અમિત શાહે રાહુલ ગાંધી પર પલટવાર કર્યો છે. શાહે રાહુલના 'સરેન્ડર'મોદી વાળા ટ્વિટ અંગે કહ્યું કે, પાર્લામેન્ટ શરૂ થશે, ચર્ચા કરવી હોય તો આવજો.૧૯૬૨થી આજ સુધીના મુદ્દે ચર્ચા કરવા માટે અમે તૈયાર છીએ. કોઈ ચર્ચાથી ડરતું નથી. પરંતુ જવાન સરહદ ઉપર સંઘર્ષ કરી રહ્યા હોય અને સરકાર ઠોસ પગલા ભરી રહી હોય, ત્યારે પાકિસ્તાન અને ચીન ખુશ થાય તેવા નિવેદનો ન આપવા જોઈએ.

અમિત શાહે ઈન્ટરવ્યુમાં ભારત-ચીન સરહદ વિવાદ, દેશ અને દિલ્હીમાં કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરી. આ દરમિયાન તેમણે રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ પાર્ટી ભાજપ ઉપર લોકશાહી ખતમ કરવાનો આરોપ લગાવી રહી છે. તેના ઉપર શાહે કહ્યું કે લોકશાહી શબ્દનો અર્થ ઘણો વિસ્તૃત છે. અનુશાસન અને આઝાદી તેના મૂલ્ય છે. અડવાણીજી, રાજનાથજી, ગડકરીજી અને ફરી રાજનાથજી પાર્ટીના અધ્યક્ષ બન્યા. હવે નડ્ડાજી અધ્યક્ષ છે. શું આ બધા એકજ પરીવારના છે? ઈન્દિરાજી પછી કોંગ્રેસના અધ્યક્ષ ગણાવો કે ગાંધી પરીવાર બહારથી કોણ આવ્યું? તેઓ લોકશાહીની શું વાત કરશે?

સરકાર ભારત વિરોધી પ્રોપેગેંડા સામે લડવામાં સક્ષમ છે, પણ આવું જોઈને દુઃખ થાય છે કે આવડી મોટી પાર્ટીના પૂર્વ અધ્યક્ષ આવું ગંદુ રાજકારણ કરે છે. સરેન્ડર મોદી વાળા ટ્વિટ અંગે તેમણે કહ્યું કે, કોંગ્રેસ અને રાહુલે પોતાના વિશે વિચારવું જોઈએ. તેમની આ વાતને પાકિસ્તાન અને ચીનમાં લોકો હેશટેગ લગાવીને સોશિયલ મીડિયામાં વાઈરલ કરી રહ્યા હતા. કોંગ્રેસે આ વિશે વિચારવું જોઈએ કે તેમની પાર્ટીના નેતાના નિવેદનોથી ચીન-પાકિસ્તાનને પ્રોત્સાહન મળે છે, એ પણ આવા સંકટના સમયમાં.

સરકાર કોરોના વિરુદ્ધ લડાઈ લડશે. હું રાહુલ ગાંધીને સલાહ ન આપી શકું, આ તેમની પાર્ટીના નેતાઓનું કામ છે. ઘણા વોકોની વક્રદ્રષ્ટી હોય છે. એ લોકો સાચાને પણ ખોટી રીતે જુએ છે. ભારત કોરોના સામે ઘણી સારી રીતે લડી રહ્યો છે. આપણા કોરોનાના આંકડા દુનિયાના અન્ય દેશો કરતા સારા છે.

# હાશઃ આખરે ૨૨મા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવવધારાને લાગી બ્રેક

*ન્યુ દિલ્હી,તા.૨૮*

છેલ્લા ૨૧ દિવસથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જ્યારે હવે ૨૨માં દિવસે ભાવ સ્થિર રહ્યા છે. ત્રણ સપ્તાહ બાદ આ પહેલો દિવસ છે જ્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો નથી. જો કે, ભાવ ઘટ્યા પણ નથી. પરંતુ ભાવમાં કોઈ ફેરફાર આજે જોવા મળ્યો નથી. આજે દિલ્હી ખાતે પેટ્રોલનું ૮૦.૩૮ રૂપિયા પ્રતિ લિટરે વેચાણ થઈ રહ્યું છે. જ્યારે ડીઝલના ભાવ ૮૦.૪૦ રૂપિયા પ્રતિ લિટરે બોલાઈ રહ્યા છે.

મુંબઈની વાત કરીએ તો મીડિયા રિપોર્ટ મુજબ ત્યાં પેટ્રોલના ભાવ ૮૭.૧૪ પ્રતિ લિટર જ્યારે ડીઝલની કિંમત ૭૮.૭૧ રૂપિયા પ્રતિ લિટર બોલાઈ રહી છે. આપણે જણાવી દઈએ કે દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલની કિંમત અલગ-અલગ હોય છે. રાજ્ય સરકાર દ્વારા ફ્યુલ પર અલગ-અલગ વેટ લગાવવામાં આવે છે. જેના કારણે ભાવમાં ફેરફાર જોવા મળે છે. જ્યાં વેટ વધુ જોય છે ત્યાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધુ હોય છે.

રાજ્યની વાત કરીએ તો હાલ અમદાવાદ શહેરમાં પેટ્રોલ પ્રતિ લિટર ૭૭.૯૨ રૂપિયા જ્યારે ડીઝલ ૭૭.૭૮ રૂપિયા પ્રતિ લિટર બોલાઈ રહ્યા છે. સુરતમાં પેટ્રોલ રૂ.૭૭.૭૬ અને ડીઝલ રૂ.૭૭.૬૪ પ્રતિ લિટરે, રાજકોટમાં પેટ્રોલ રૂ.૭૭.૬૬ અને ડીઝલ રૂ.૭૭.૫૪ પ્રતિ લિટર, જ્યારે જામનગરમાં પેટ્રોલના ભાવ રૂ.૭૭.૮૧ અને ડીઝલ રૂ.૭૭.૬૧ પ્રતિ લિટરે બોલાઈ રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ચીન ફરી જાત પર આવી ગયું

આપણી કેન્દ્ર સરકાર ચીન મોરચે બધું સલામત હોવાનું વાજું વગાડ્યા કરે છે ત્યારે બીજી તરફ ચીન પાછું અવળચંડાઈ પર ઊતર્યું છે. એક તરફ ચીને ગલવાન વેલીમાં ફરી તંબૂ તાણીને લશ્કરનો ખડકલો કરવા માંડ્યો છે ત્યારે બીજી તરફ ડેપસાંગ મેદાનમાં પણ ઘૂસણખોરી કરી હોવાના અહેવાલ છે. ભારત સાથેની સમજૂતીની ઐસીતૈસી કરીને ગલવાન વેલી, હોટ સ્પ્રિંગ્સ અને પાનગોંગ ત્સોમાં ચીનના લશ્કરે પાછા ધામા નાખ્યા છે એવા અહેવાલ હજુ બુધવારે જ આવેલા. ચીનની આ ગદ્દારીની વાતથી લાગેલો આઘાત શમે એ પહેલાં તો આ નવા વિસ્તારમાં ચીને ઘૂસણખોરી કરી હોવાના અહેવાલ આવ્યા છે. આ અહેવાલમાં દાવો કરાયો છે કે, ચીનના લશ્કરે ભારતની સરહદ ઓળંગીને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના એવા આપણા વિસ્તારમાં અડિંગો જમાવ્યો છે.લદ્દાખમાં દૌલત બેગ ઓલ્ડી કારાકોરમ પાસ પહેલાંની છેલ્લી લશ્કરી ચોકી છે. ભારતે ઓલ્ડી ચેક પોસ્ટ પાસે ઍરફોર્સ માટે એરસ્ટ્રીપ બનાવી છે. પાનગોંગ ત્સો, ગલવાન વેલી, ડેમચોક વગેરે ઓલ્ડીની પાસે પાસે આવેલા જ વિસ્તારો છે. આ વિસ્તારમાં ચીને મોટા પ્રમાણમાં સૈનિકો ખડક્યા હતા ને તેમાંથી ભડકો થયેલો. આપણા વીસ જવાનો તેમાં જ શહીદ થઈ ગયા. ઓલ્ડી ઍરપોર્ટથી ૩૦ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં ડેપસાંગનાં મેદાન છે. અહીં વાય-જંક્શન નામે વ્યૂહાત્મક રીતે અત્યત મહત્ત્વનું સ્થળ છે. ચીને આ વિસ્તારમાં જ મોટા પ્રમાણમાં લશ્કરી શસ્ત્ર-સરંજામ, બારે વાહનો ને સૈનિકો ખડકી દીધા હોવાનું કહેવાય છે. ભારત સરકારે સત્તાવાર રીતે કશું કહ્યું નથી. પણ આ વિસ્તાર ભારતની સીમામાં ૧૮ કિલોમીટર અંદર છે તેથી ચીન ભારતના વિસ્તારમાં ઘણું અંદર ઘૂસી આવ્યું છે એવો દાવો કરાય છે.ભારત માટે ચીનની આ હરકતો આઘાતજનક છે કેમ કે આપણે તો એમ માનીને હરખાતા હતા કે, ચીન સાથેનો ટંટો હાલ પૂરતો પતી ગયો છે ને હવે નવું કશું કમઠાણ ઊભું નહીં થાય. તેના બદલે આ તો નવો કકળાટ શરૂ થયો છે ને આપણે વીસ જવાનોની હત્યાનો કડવો ઘૂંટડો ગળીને શાંતિ સ્થપાય એ માટે અત્યાર લગી જે કંઈ કર્યું તેના પર પાણી ફરી વળતું દેખાય છે.લદ્દાખની ગલવાન વેલીમાં ચીનના લશ્કરે પેટ્રોલ પોઈન્ટ ૧૪ (પીપી૧૪) પાસે ઓબ્ઝર્વેશન ચોકી તાણી બાંધીને પોતાના સૈનિકોને ગોઠવી દીધા તેમાં ૧૫ જૂને ભારત-ચીનનાં લશ્કર વચ્ચે અથડામણ થયેલી. આ અથડામણમાં આપણા વીસ સૈનિકો શહીદ થયેલા. ચીને આપણા કેટલાય સૈનિકોને બાનમાં પણ રાખેલા. આપણા લશ્કરી અધિકારીઓ ત્રણ દાડા લગી ચીનાઓ સાથે મંત્રણા કરીને તેમને છોડાવી લાવેલા. આપણી સરકારે એ પછી આ ટંટાનો નિવેડો લાવવા માટે મંત્રણાઓ શરૂ કરેલી.ચીનાઓની હરકત સામે લોકોમાં ભારે આક્રોશ હતો ને લોકો તો ચીનાઓને પાઠ ભણાવવો જોઈએ એવું જ માનતાં હતાં, પણ મોદી સરકારે શાંતિનો માર્ગ અપનાવ્યો. આ કારણે પહેલાં લશ્કરી સ્તરે ને પછી રાજદ્વારી સ્તરે મંત્રણાઓ થઈ પછી જાહેર કરાયેલું કે, ચીન શાંતિથી પાછું ખસી જવા તૈયાર થઈ ગયું છે. ચીનનું લશ્કર પોતે તાણી બાંધેલા તંબૂ છોડીને જતું રહેશે ને હવે પછી કોઈ ડખો નહીં કરે એવું આપણે મોટા ઉપાડે જાહેર કરેલું.ભારત અને ચીન વચ્ચે કોર્પ્સ કમાન્ડર લેવલની બેઠક ૨૨ જૂને થયેલી. એ વખતે ભારત સરકારે જાહેર કરેલું કે, પૂર્વ લદ્દાખમાં ડખાના વિસ્તારોમાંથી પોતાની લશ્કરી ટુકડીઓને પાછી લઈ લેવા બંને દેશો વચ્ચે સહમતી સધાઈ છે.

એ વખતે ક્યાં લગીમાં ચીન પાછું ખસશે તેનો ફોડ નહોતો પડાયો, પણ બે દાડા પછી એલાન કરાયું કે, ચીને પોતાના તંબૂ સંકેલી લીધા છે ને ચીના બોરીયા-બિસ્તરાં બાંધીને જતા રહ્યા છે. આ જાહેરાત કરીને સરકાર હરખાતી હતી કે, બહુ મોટો ભડકો થઈ જાય એવા ડખાનો શાંતિથી ઉકેલ લાવી દીધો. શાંતિથી બધું પતી ગયું તેથી લોકો પણ રાજી હતાં, પણ આ શાંતિ બે દિવસ પણ ટકી નથી.ચીન જે વિસ્તારમાંથી ખસી ગયું છે એવું મોટા ઉપાડે જાહેર કરાયેલું ત્યાં જ પાછા ચીનના તંબૂ ઉભા થઈ ગયા છે. આ ઓછું હોય એમ ચીને નવા વિસ્તારમાં પણ ઘૂસણખોરી કરી છે. ગલવાન ખીણમાં તો આ વખતે તંબૂની સાથે બંકરો પણ બનાવી દેવાયાં છે ને પહેલાં કરતાં મોટા પ્રમાણમાં બાંધકામ કરાયું છે એવું મીડિયાના અહેવાલો કહે છે. મીડિયા પણ ઘરનું કંઈ લાવતું નથી હોતું ને પુરાવાના આધારે વાત કરતું હોય છે. આ દાવાનો પુરાવો સેટેલાઈટથી લીધેલી તસવીરો છે. સેટેલાઈટથી લીધેલી તસવીરોમાં ચીને મોટા પાયે બાંધકામ થયું હોવાનું ચોખ્ખેચોખ્ખું દેખાય છે. આ સેટેલાઈટ ઈમક્રેજીસ પણ આપણી સરકારે નથી મૂકી, પણ સ્વતંત્ર એજન્સીઓએ મૂકી છે. બાકી આપણી સરકાર તો હજુય એ વિસ્તારમાં શું ચાલી રહ્યું છે ને આપણું લશ્કર ક્યાં લડે છે તેની વાત ફોડ પાડીને કરતું જ નથી.ચોંકાવનારી વાત એ છે કે, આ સેટેલાઈટ ઈમેજ જે દિવસે આપણી સરકારે ચીન સાથે સમાધાન થઈ ગયાની જાહેરાત કરી છે એ દિવસની એટલે કે ૨૨ જૂનની જ છે. આ વાતનો અર્થ શો થાય ? એ જ કે આપણે જે દિવસે ચીન સાથે સમાધાન થઈ ગયું હોવાનું માનતાં હતાં એ દિવસ લગીમાં વાસ્તવમાં તો ચીને વધારે મોટું બાંધકામ તાણી બાંધ્યું હતું. ઓસ્ટ્રેલિયાના કેનબેરામાં રહીને કામ કરતી ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજિક પોલિસ ઈન્સ્ટિટ્યૂટ નામની સંસ્થાના નાથન રુસરે તો ૨૨ મે અને ૨૨ જૂનની તસવીરો મૂકીને સરખામણી પણ કરી છે. બંને તસવીરોમાં આભ-જમીનનો ફરક છે. પહેલી તસવીરમાં ગલવાન ખીણમાં બધું ભેંકાર ભાસે છે, જ્યારે બીજી તસવીરમાં મોટા પાયે બાંધકામ થયેલું દેખાય છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૯/૦૬/૨૦૨૦, સોમવાર, અષાઢ સુદ-૯
સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૫૫,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૦૭થી અમૃત-૭-૪૮ સુધી, ૯-૨૯થી શુભ-૧૧-૧૦ સુધી, ૧૪-૩૧થી ચલ-અમૃત-ચલ-૨૦-૫૩ સુધી, ૨૩-૩૧થી લાભ-૨૪-૫૧ સુધી

- શુભ હોરા-
૬-૦૭થી ૭-૧૪ સુધી, ૮-૨૨ થી ૯-૨૯ સુધી, ૧૧-૪૩થી ૧૫-૦૫ સુધી, ૧૬-૧૨થી ૧૭-૧૯ સુધી

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ તાલુકામાં વરસાદ, ૬માં સૌથી વધુ

# બોટાદમાં ૧.૩ ઈંચ અને સાણંદમાં ૧૩ મિમિ વરસાદ નોંધાયો



અમદાવાદ,તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ચોમાસા પૂર્વે અંદાજીત સરેરાશ વરસાદની સ્થિતિ ક્લાઈમેટ ચેન્જના કારણે બદલાઈ છે. ક્લાઈમેટ ચેન્જને લઇ છેલ્લા ૫ વર્ષમાં ઉત્તર ગુજરાતના ચોમાસા વરસાદનું ગણિત બદલાયું છે. માહિતી મુજબ સૌથી વધુ બનાસકાંઠાનો સરેરાશ ૨ ઈંચ, પાટણમાં પોણા બે ઈંચ, સાબરકાંઠા જિલ્લામાં દોઢ ઈંચથી સામાન્ય વધુ, અરવલ્લી જિલ્લામાં દોઢેક ઈંચ અને મહેસાણા જિલ્લામાં ૧ ઈંચથી સામાન્ય ઓછો સરેરાશ વરસાદ વધ્યો છે. આ સાથે ઉત્તર ગુજરાતનો સરેરાશ દોઢ ઈંચ વરસાદ વધ્યો છે.

માહિતી પ્રમાણે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં ચોમાસું વરસાદની સ્થિતિ જોઈએ તો ૩૯ તાલુકામાં સરેરાશ વરસાદ વધ્યો છે. જ્યારે માત્ર ૮ તાલુકામાં સરેરાશ વરસાદ ઘટ્યો છે. એમાંય ૪ તાલુકા એવા છે કે જ્યાં સવા છ ઈંચથી માંડી ૧૬ ઈંચ સુધીનો સરેરાશ વરસાદ વધ્યો છે. જેમાં સૌથી વધુ સુઈગામ તાલુકામાં ૧૬ ઈંચ, પોશીના તાલુકામાં સવા દસ ઈંચ, શંખેશ્વર તાલુકામાં સવા આઠ ઈંચ અને લાખણી તાલુકામાં સવા ૬ ઈંચ વરસાદ વધ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. બોટાદના ગઢડામાં અને સુરેન્દ્રનગરના લીમડી અને ચુડા માં એક ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે અમરેલીના લીલીયામાં પણ એક ઈંચ જેટલો વરસાદ પડ્યો. આજે સવારે છ વાગ્યાથી આઠ વાગ્યા દરમિયાન ત્રણ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૬ જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૧.૩ ઈંચ વરસાદ બોટાદ જિલ્લામાં નોંધાયો હતો. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓ વરસાદ સામાન્ય વરસાદ પડ્યો હતો. બપોરે પડતી ગરમીને પગલે ઉકળાટ વધી રહ્યો છે જેના કારણે રાજ્યની પ્રજા પરેશાન છે. મેઘાવી માહોલ છતાં વાદળાઓ વરસતા નથી અને અમી છાંટણા કરીને અન્ય જિલ્લામાં વરસાદ વરસતો નથી તેના કારણે સતત ઉકળાટમાં વધારો થતાં લોકો પરેશાન થઈ રહ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૬ જિલ્લામાં સૌથી વધુ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. બોટાદ જિલ્લામાં સૌથી વધુ ૩૫ મિમિ વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ સુરેન્દ્રનગરના લીંમડીમાં ૩૨ મિમિ અને ચૂડામાં ૨૮ મિમિ વરસાદ પડ્યો હતો. જ્યારે અમરેલીના લીલીયામાં ૨૨ મિમિ, ભરૂચના હાંસોટમાં ૧૯ મી.મી અમદાવાદના સાંણદમાં ૧૩ મિમિ વરસાદ નોંધાયો હતો. રાજ્યના બાકીના અન્ય જિલ્લાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. જેમ કે, ડાંગમાં ૪ મિમિ, વલસાડમાં ૩ મિમિ, ગાંધીનગરમાં ૨ મિમિ, તાપીમાં ૨ મિમિ અને ભાવનગરમાં ૧ મિમિ જેટલો વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કેન્દ્ર શાસિત પ્રદેશ, દાદરાનગર હવેલી અને દમણમાં ૨૯ અને ૩૦ જૂન દરમિયાન ભારે વરસાદની આગાહી કરી છે. પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારમાં પણ કેટલાક સ્થળે હળવાથી ભારે વરસાદની આગાહી કરાઈ છે. આસામ અને મેઘાલયમાં પણ કેટલાક સ્થળે વરસાદ થઈ શકે છે. હવામાન અનુસાર, આગામી ૫ દિવસ રાજયના મોટાભાગના જિલ્લાઓમાં સામાન્ય વરસાદ પડી શકે છે. આગાહી અનુસાર, આગામી ૨૯ જૂને નવસારી, ભાવનગર, વલસાડ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડે તેવી શક્યતા છે. જ્યારે પંચમહાલ, રાજકોટ, દ્વારકા, તેમજ આણંદ સહિતમાં સામાન્ય વરસાદ પડી શકે છે. જ્યારે ૩૦ જૂનના રોજ અમદાવાદ, આણંદ, મહીસાગર સહિતમાં સામાન્ય વરસાદની આગાહી છે.

### સૉઢવ ગામનાં રબારી સમાજે

# કોરોના વાયરસ નાબૂદ ન થાય ત્યાં સુધી શુભ સુખદ તેમજ બેસણા લૌકિક ક્રિયા પ્રસંગ બિલકુલ નહીં કરવા નિર્ણય કર્યો

કોરોનાવાયરસ ની વધતી જતી મહામારી થી સાવચેતીના ભાગરૂપે હારીજ તાલુકાના સોઢવ ગામના રબારી સમાજે દરેક સમાજને પ્રેરણાદાયક નિર્ણય કરી સમાજના whatsapp ગ્રુપ અને સોશિયલ મીડિયામાં પ્રકાશિત કર્યો છે.જેમાં શુભ સુખદ પ્રસંગ હોય કે બેસણા લૌકિક કિયાના પ્રસંગોમાં ગામમા યોજવા નહીં અને ગામનો કોઈપણ પરિવાર કોઈ સમાજનાં લોકો કોઈ પણ પ્રસંગ યોજશે તો ત્યાં જવાનું નહી તેવો નિર્ણય કરાયો છે.સાથે ગામમાં બેસણા શ્રીમંત લગ્ન કે કોઈ પણ ધાર્મિક જેવા કોઈ પણ પ્રસંગ યોજવા નહીં. તેવો નિર્ણય કરવામાં આવેલ છે.

સૉઢવ ગામનાં રબારી સમાજનાં વડીલો તેમજ યુવા સંગઠન દ્વારા વર્તમાન કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જ્યાં સુધી કોરોનાવાયરસ ની મહામારી નાબૂદ ના થાય ત્યાં સુધી ગામમાં લૌકિક ક્રિયા બેસણું હોય કે સુખદ શુભ પ્રસંગ લગ્ન, શ્રીમંત,ધાર્મિક ઑમ હવન જેવા કોઈજ પ્રસંગ રાખશું નહીં અને સમાજમાં ક્યાંય હોય તો કોઈ પણ પરિવારના સભ્ય ક્યાંય પણ જઈશું નહીં.કોઈ પણ સગા વ્હાલા બીમાર હોય દવાખાને હોય તો તેનાં સમાચાર ખબર મોબાઈલ દ્વારા લઈશું દવાખાને રૂબરૂ ખબર લેવા કોઈ જઈશું નહી.આ સમગ્ર નિયમ કોરોના મહામારી ચાલે છે. ત્યાં સુધી રાખીશું જેથી સગા સ્નેહીજનો સાથ સહકાર આપવાની વિનંતિ સાથેનો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ કરેલ છે.

સૉઢવ ગામનાં જીલ્લા પંચાયતના પુર્વ ચેરમેન કાન્તીભાઈ દેસાઈના જણાવ્યા મુજબ લોકડાઉન હટાવ્યા પછી કોરોનાંનું સંક્રમણ વધી રહ્યુ છે.તાજેતરમા ધરમોડા ગામના સમાજના અગ્રણીનું કોરોનાથી મોત થયુ હતુ .માટે સંક્રમણની સાવચેતીના ભાગ રૂપે ગામના સમગ્ર નેસડા દ્વારા સુખદ શુભ પ્રસંગ હોય કે લૌકિક ક્રિયા બેસણા હોય ગામમા કોઇએ કરવા નહીં કે ક્યાંય કોઈ પરિવારના સભ્યએ જવું નહી તેવો નિર્ણય કરવામા આવયો છે.ધ્રુવ દવે.સિદ્ધપુર

# અરવલ્લીમાં જેલના ૧૨૭ કેદીઓ અને ૧૭ જેલ સ્ટાફના કોરોનાના સેમ્પલ લેવાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ સમગ્ર દેશ અને રાજયમાં કોરોનાનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે અમદાવાદ અને બીજા શહેરમાં લોકોની રક્ષા કાજે તૈનાત પોલીસ કર્મચારીઓ પણ કોરોનાના સંક્રમણમાં આવ્યા છે અને ઘણી જેલમાં કેદીઓ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે ત્યારે અરવલ્લીમાં તકેદારી રૂપે જેલના કેદીઓ તેમજ જેલ સ્ટાફના આરોગ્યનું નિદાન કરી કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા.



અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં જોવા મળતા કોરોનાનો આંક ૨૦૦ને પાર પંહોચી ગયો છે ત્યારે મોડાસા શહેરમાં જ કોરોનાના ૯૦ થી વધુ કેસ મળી આવ્યા છે જેને લઇ મોડાસા શહેરીજનોના આરોગ્યની દરકાર માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જેમાં મોડાસા જેલમાં સજા કાપી રહેલા કેદીઓની પણ સંભાળ લેવામાં આવી રહી છે. જેમાં બે દિવસ દરમિયાન વિશેષ કેમ્પનું આયોજન કરીને જેલના ૧૨૭ કેદીઓ તેમજ તેમની પાસે ફરજ બજાવતા ૧૭ જેલ સ્ટાફના કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જો કોઇ કેદી કે સ્ટાફ કોરોનાના દર્દીના સંક્રમણ આવ્યા હોય તો આરોગ્ય વિભાગની ટીમ દ્વારા લેવામાં આવેલા પીસીઆર ટેસ્ટના પરીણામ થકી માલૂમ પડશે.

## વડોદરાની કંપની જીએસએફસીના વધુ ચાર કર્મી કોરોનાગ્રસ્ત થતા ખળભળાટ

વડોદરા,તા.૨૮

ગુજરાત સરકારની કંપની જીએસએફસી કોરોનાના ભરડામાં ફસાઈ ચુકી છે. આજે વધુ ચાર કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવતા હવે જીએસએફસીમાં અત્યાર સુધીમાં કોરોનામાં સપડાયેલા કર્મચારીઓની સંખ્યા ૧૯ પર પહોંચી ચુકી છે. જેમાંથી એક કર્મચારીનુ મોત થઈ ચુક્યું છે. આજે જે કર્મચારીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે તેમાં સિક્યુરિટી વિભાગના વધુ બે કર્મચારીનો સમાવેશ થાય છે. હવે જીએસએફસીના મેડિકલ ડિપાર્ટમેન્ટમાં પણ કોરોનાનો પગપેસારો થયો છે. જેમાં એક લેબ ટેકનિશિયન અને એક નર્સને કોરોનાનુ સંક્રમણ લાગ્યુ છે. આ પૈકીના ત્રણ ફર્ટિલાઈઝર નગરમાં જ રહે છે.આમ જીએસએફસીના કર્મચારીઓની ટાઉનશીપ પણ ઝડપથી કોરોનાના હોટ સ્પોટમાં ફેરવાઈ રહી છે. દરમિયાન મેડિકલ ડિપાર્ટમેન્ટમાં કોરોના પહોંચ્યા બાદ અહીંયા ફરજ બજાવતા ડોક્ટરો અને કેટલાક સ્ટાફનુ પણ અલગ અલક પ્રાઈવેટ હોસ્પિટલમાં ટેસ્ટિંગ કરાવવામાં આવ્યુ છે. જો કે કર્મચારી આલમમાં એવી ચર્ચા ચાલી છે કે, કેટલાક ડોક્ટરોએ પ્રાઈવેટ લેબ ટેકનિશિયનને બોલાવીને કંપનીના મેડિકલ સેન્ટરમાં ટેસ્ટિંગ કરાવ્યુ હતુ. જીએસએફસીને કોરોનાના પંજામાંથી બહાર કાઢવામાં મેનેજમેન્ટ પણ અત્યાર સુધી નિષ્ફળ રહ્યુ છે.

# કેશોદ તાલુકાના મોવાણા ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકીને હાથફેરો કર્યો

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ તાલુકાના મોવાણા ગામે મસ્જિદ ની બાજુમાં આવેલ રહેણાંક બંધ મકાનમાં દરવાજા તોડી તસ્કરો ત્રાટકીને તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના રોકડ રકમ અને મોટરસાયકલ લઈને નાશી ગયાની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. કેશોદના માર્કેટિંગ યાર્ડ પાસે વાડીએ રહેતાં મુળ મોવાણા ગામે મકાન ધરાવતાં તૈયબભાઈ હસનભાઈ સીડા નાં બંધ મકાનમાં ગત રાત્રીના સમયે ચોર ઘુસીને લાકડાં નાં કબાટના તિજોરી નું ખાનું તોડીને ત્રણ તોલાનો સોનાનો હાર રૂપિયા ૮૪૦૦૦/-, સોનાની બુટ્ટી દોઢ તોલાની રૂપિયા ૩૬૦૦૦/ - સોનાની સર ત્થા દાણો રૂપિયા ૨૮૦૦૦/- ચાંદી નાં સાંકળા ઉપરાંત રોકડા રૂપિયા ૧૫૦૦૦/- તેમજ બાજુમાં રહેતા જગદીશભાઇ ઓધવજીભાઈ હદવાણી નું બહાર પાર્ક કરેલું ડિસ્કવર મોટરસાયકલ GJ-11-KK-3995 20,000 ની કિંમત નું મળીને કુલ રૂપિયા ૧,૮૩,૯૦૦/- ની ચોરી થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. કેશોદ શહેરના નહેરૂનગર સોસાયટીમાં થયેલી રોકડ રકમ ની ચોરીનાં તસ્કરો હજુ હાથ આવ્યા નથી ત્યાં જ બીજી ચોરી થતાં હાહાકાર મચી ગયો છે. કેશોદ પોલીસ સ્ટેશન નાં પીઆઇ રાકેશ વસાવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

एक दोस्त से पूछा, जो ५० पार कर चुका है और ६० की ओर जा रहा है। वह अपने जीवन में किस तरह का बदलाव महसूस कर रहा है ?

**I asked one of my friends who has crossed 50 & is heading to 60 What sort of change he is feeling in him?**

उसने नि6नलिखित बहुत ही दिलचस्प पंक्तियाँ भेजीं , जिन्हें आप सभी के साथ साझा करना चाहूँगा ।

**He sent me the following very interesting lines, which i would like to share with you all$$$$$**

मेरे माता-पिता,मेरे भाई-बहनों, मेरी पत्नी, मेरे बच्चों, मेरे दोस्तों से प्यार करने के बाद , अब मैं खुद से प्यार करने लगा हूँ ।

**After loving my parents, my siblings, my spouse, my children, my friends, now I have started loving myself**

मुझे बस एहसास हुआ कि मैं एटलस नहीं हूँ । दुनिया मेरे कंधों पर नहीं टिकी है।

**I just realized that I am not "Atlas" The world does not rest on my shoulders**

मैंने अब सब्जियों और फलों के विक्रेताओं के साथ सौदेबाजी बंद कर दी है । आखिरकार, कुछ रुपए अधिक देने से मेरी जेब में कोई छेद नहीं होगा, लेकिन इससे इस गरीब को अपनी बेटी की स्कूल फीस बचाने में मदद मिल सकती है।

**I now stopped bargaining with vegetables & fruits vendors$ After all, a few Rupees more is not going to burn a hole in my pocket but it might help the poor fellow save for his daughterÓs school fees**

मैं बची चिल्लर का इंतजार किए बिना टै1सी चालक को भुगतान कर देता हूँ । अतिरिक्त धन उसके चेहरे पर एक मुस्कान ला सकता है। आखिर वह मेरे मुकाबले जीने के लिए बहुत मेहनत कर रहा है7

**I pay the ta&i driver without waiting for the change$ The e&tra money might bring a smile on his face$ After all he is toiling much harder for a living than me**

मैंने बुजुर्गों को यह बताना बंद कर दिया कि वे पहले भी कई बार उस कहानी को सुना चुके हैं। आखिर वह कहानी उनकी अतीत की यादें ताज़ा करती हैं और जिंदगी जीने का होंसला बढाती हैं7

**I stopped telling the elderly that they've already narrated that story many times$ After all, the story makes them walk down the memory lane & relive the past**

कोई इंसान अगर गलत भी हो तो मैंने उसको सुधारना बंद किर दिया है । आखिर सबको परफे1ट बनाने का ओन मुझ पर नहीं है। ऐसे परफे1शन से शांति अधिक कीमती है।

**I have learnt not to correct people even when I know they are wrong$ After all, the onus of making everyone perfect is not on me$ Peace is more precious than perfection**

मैं अब सबकी तारीफ बड़ी उदारता से करता हूँ । यह न केवल तारीफ प्राप्तकर्ता की मनोदशा को उल्हासित करता है, बल्कि यह मेरी मनोदशा को भी ऊर्जा देता है !!

**I give compliments freely & generously$ After all it's a mood enhancer not only for the recipient, but also for me**

अब मैंने अपनी शर्ट पर क्रीज या स्पॉट के बारे में सोचना और परेशान होना बंद कर दिया है। मेरा अब मानना है कि दिखावे की अपेक्षा व्यक्तित्व ज्यादा मालूम पड़ता है।

**I have learnt not to bother about a crease or a spot on my shirt$ After all, personality speaks louder than appearances**

मैं उन लोगों से दूर ही रहता हूँ जो मुझे महत्व नहीं देते। आखिरकार, वे मेरी कीमत नहीं जान सकते, लेकिन मैं वह बखूबी जनता हूँ।

**I walk away from people who don't value me$ After all, they might not know my worth, but I do**

मैं अपनी भावनाओं से शर्मिंदा ना होना सीख रहा हूँ । आखिरकार, यह मेरी भावनाएं ही हैं जो मुझे मानव बनाती हैं।

**I am learning not to be embarrassed by my emotions$ After all, it's my emotions that make me human**

मैंने सीखा है कि किसी रिश्ते को तोड़ने की तुलना में अहंकार को छोड़ना बेहतर है। आखिरकार, मेरा अहंकार मुझे सबसे अलग रखेगा जबकि रिश्तों के साथ मैं कभी अकेला नहीं रहूँगा ।

**I have learnt that itÓs better to drop the ego than to break a relationship$ After all, my ego will keep me aloof whereas with relationships I will never be alone**

मैंने प्रत्येक दिन ऐसे जीना सीख लिया है जैसे कि यह आखिरी हो। 1या पता, आज का दिन आखिरी हो !

**I have learnt to live each day as if it's the last$ After all, it might be the last**

सबसे महत्वपूर्ण

**MOST IMPORTANT**

**I am doing what makes me happy$ After all, I am responsible for my happiness, and I owe it to me**

मैं वही काम करता हूँ जो मुझे खुश करता है। आखिरकार, मैं अपनी खुशी के लिए जि6मेदार स्वंय हूँ , और मैं उसका हक़दार भी हूँ।

प्रदीप रावल का के इस प्यार का स्वीकार करे दोस्तो। मंगला,मंगल हो गई

# વ્યક્તિ અને અભિવ્યક્તિ
# "અક્ષર થી ઈશ્વર સુધી મીરા"




નમસ્તે વાંચક મિત્રો,

હું વડોદરાથી જયશ્રી પટેલ "અક્ષર થી ઈશ્વર સુધી મીરા" આજે ઝૂમ પરની સુંદર કલ્પના સૃષ્ટિમાં ગોકુળ,વૃંદાવન અને દ્વારકા સુધી મીરાના કરતાલ,મંજીરા
પાયલ,નુપુર ને તેના હૃદયનાં તાલ અને સૂરથી ડોલી ઊઠી. 'બેઠક'ના સ્ટેજને બોલતું કરી દેનારી બધી જ મીરા કેટલાય દર્શકોના દિલ જીતી ગઈ.વ્યક્તિ અને અભિવ્યક્તિની શ્રેણીમાં સૌએ પોતાની સ્વરચના તો કેટલાંકે મીરાની રચનાઓ તો કોઈએ શ્રી સુરેશ દલાલને યાદકરી,રચનાઓને વહેતી કરી. શ્રી.પ્રજ્ઞાબેન દાદભાવળા ના આ સુંદર આયોજનને બિરદાવવું જ રહ્યું ,નિમિષભાઈ અનારકટ રઘુભા શાહ સંચાલન અને કેમેરો સંભાળવા માટે આભાર માનવો રહ્યો.સરસ સંચાલન કરી અમને સૌને હાજર રાખ્યાં.આજે યુ.એસ માં રહી મીરાંને ન ભૂલવી..ને જીવંત કરવી એક ગૌરવ ની વાત છે.પંચ્યાશીની ઉંમરના વસુબેનથી લઈ ને યુવા વૈશાલીબેન સુધીની સ્ત્રીમાં મીરાને બોલતી કરવી..ગુજરાતી સાહિત્યની ગરીમાને અમેરિકામાં પ્રસ્તુત કરવી એ ખરેખર દાદ માંગી લે છે.પ્રજ્ઞાબેનની સુંદર કાર્યક્રમની હથોટી,અલ્પાબેનની મીરા પ્રત્યેની અહોભક્તિ કે મીરાને સુંદર શબ્દોમાં બેઠક પર અભિવ્યક્તિવાંચવા જેવી શ્રેણી છે..જરૂર વાંચો.

મને પણ વહાલા ની ત્રીસ કવિતા લખ્યા પછી પહેલી વાર બે કવિતા વાંચવાનો મોકો આપી મારી મીરા રૂપે સુંદર ભાવનાને દર્શાવામાં પ્રજ્ઞાબેનનો આભાર.

હેતલબેન જાગીરદાર બ્રહ્મભટ્ટની સંગીતમય મીરાની ભકિત સરસ સફર કરાવી ગઈ.તેમનો કર્ણપ્રિય અવાજ ને તેમના માતાનું પઠન બન્ને સુંદર વ્યક્ત થયા.

સહ સંચાલક શ્રી રાજેશભાઈ અને સુરેશભાઈની અંત સુધીની હાજરી અમને બધાને ઉત્સાહિત ને પ્રોત્સાહન આપી ગઈ.શ્રી નંદનશાસ્ત્રીની ઉત્સાહ વધારનારી કોમેન્ટ હરિપ્રસાદ શાસ્ત્રી(મારા પરમ ગુરૂ)ની હાજરી પુરાવતી લાગી.

મીરાના ગેટઅપમાં વસુબેન અને વૈશાલી સુંદરતા પાથરી ..તો 'બેઠક'ના સહ-સંચાલક કલ્પનાબેન રઘુનું આંખોમીચી ચિંતનરૂપી પદ સુંદર હતું.જગિષાબેન, જયવંતીબેન વગેરે સર્વે મીરા રાજરાણી ની સ્વરચિત પદો માટે ખૂબ ખૂબ અભિનંદન. પ્રજ્ઞાબેનની રચના છેલ્લે મીરાને સજીવન કરી ગઈ. અંતે પી.કે દાવડાજીની સૌમ્યતા ને તેમના દાવડાનું આંગણું ની ખોટ જરૂર સાલશે.તેમને અમારા જેવા નિવોદિતોના ગોડ ફાધર કહીએ કે પિતામહ..!પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે ને તેમના કાર્યને આગળ વધારનાર દરેક વ્યક્તિને શુભેચ્છા.

ફરી બેઠકને જયશ્રીબેન મર્ચન્ટના આભારી રહીશું ને દરેક વિજેતાને શુભેચ્છા સહ ,બેઠકની આભારી.પ્રજ્ઞાબેન દાદભાવાલા ને બેઠક તરફથી...જયશ્રી પટેલ....

# નરેન્દ્ર મોદીજી ને મધ્યમ વર્ગીય વ્યક્તિ નો પત્ર

માનનીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી,

અમને તમારા માટે ખૂબ માન છે અને તે નિરંતર અને અવિરત રહેશે પણ...

એક મધ્યમવર્ગીય સાધારણ વ્યક્તિ તરીકે હું આપને લોકોના માધ્યમથી અમારી વાત કહેવા જઈ રહ્યો છું.

આ લોકડાઉનમાં સરકારે તેની આવક માટેના બધા વિકલ્પો ખોલી નાખ્યા છે!

૧) દારૂનું વેચાણ શરૂ કર્યું.

૨) ગુટખાનું વેચાણ શરૂ કર્યું.

૩) પેટ્રોલ પંપ શરૂ કર્યા. (તે પણ પૂર્ણ દરો સાથે)

૪) આરબીઆઈનું વ્યાજ ચાલુ કર્યું.

૫) ઓનલાઈન માર્કેટ શરૂ કર્યું.

૬) ટીવી ચેનલો શરૂ છે.

૭) તમામ વિભાગોના લાગુ કરાયેલા ટેક્સની ઉઘરાણી ચાલુ કરી (પ્રોપર્ટી ટેક્સ, જીએસટી, ટોલ ટેક્સ, લાઈસન્સ ટેક્સ વગેરે વગેરે)

૮) વીજળીના બિલોની ઉઘરાણી શરૂ કરી.

?જે કોઈ કર ચૂકવતો નથી તેવા ગરીબીની રેખા નીચેનાઓ માટે બધું મફત છે.

૧) કોરોનાની તપાસ મફત

૨) ધાન્ય અને અનાજ મફત

૩) મનરેગા લાગુ (નવા દરો સાથે)

૪) ગેસ સિલિન્ડર મફત

૫) વગર કામે મજૂરી ચાલુ

?હવે આ પરિસ્થિતિમાં મધ્યમવર્ગ બધેથી દબાતો જાય છે (કદાચ તેનો જન્મ જ આ માટે થયો છે!)

૧) સરકારના લેણાં ચૂકવવા.

૨) બાળકોના શિક્ષણની ફી ચૂકવવી.

૩) ઉદ્યોગ ધંધાના કર્મચારીઓને વગર કામે પગાર ચૂકવવા.

૪) દુકાન ભલે ખોલી ના હોય પણ તેનું ભાડું, વીજળીનું બિલ, મેન્ટનન્સ ચૂકવવા.

૫) લીધેલી લોનનું સંપૂર્ણ વ્યાજ જો બેંક ને ચૂકાવ્યું નહીં તો તેનો વધારાનો બોજ ઉપાડવો.

૬) સરકારને આપાતકાલીન સ્થિતિમાં મદદ તરીકે દાન આપવું.

૭) અમારી થોડીઘણી બચત પરનું જે વ્યાજ ઓછું કરવામાં જ આવ્યું છે તે ભોગવવાનું.

૮) અમારે હવે વેપાર ધંધો કરવો હોય તો નિતનવા સરકારી નિયમોનું પાલન કરવાનું અને આ જાણ્યા-અજાણ્યા સરકારી નિયમોનું પાલન કરવામાં ક્યાંક ભૂલ થઈ ગઈ તો દંડ ભરવા અથવા કાયદેસર કાર્યવાહી માટે તૈયારી રાખવાની.

સાહેબ, ચાલીસ દિવસ સરકારને ટેક્સ મળ્યો નહીં તો સરકાર તેના કર્મચારીઓના પગાર ચૂકવી શકી નહીં અને મધ્યમવર્ગે જાણે પૈસાનું ઝાડ ઉગાડ્યું હોય તેમ તેણે ટેક્સ ભરવાનો, ઘર-દુકાનનું ભાડું ભરવાનું, પગારદારોને પગાર પણ આપવાનો, બાળકોના શાળા-કોલેજ, ટ્યુશનની ફીસ પણ ભરવાની અને પોતાના પરિવારને પણ સાંભળવાનો. ??

મોદી સાહેબ આ પરિસ્થિતિમાંથી મધ્યમવર્ગને કેમ બહાર કાઢવો એ હવે તમારે જોવું રહ્યું....

એક મધ્યમવર્ગીય ભારતીય

આ લેખને ખરેખર જેઓ સમજ્યા હશે અને જેમને ગમ્યો હશે તે બધે આને મોકલશે. મને ખાતરી નથી કે મધ્યમવર્ગની આ વણઉકેલાયેલી સમસ્યાનું કોઈ સરકારી સમાધાન આવશે પણ કમસે કમ આને તેમના સુધી પોહચાડી તો દઈએ!!

જો તમે આ લેખ સાથે સહમત ન હોવ તો પણ મને કોઈ દુઃખ નહીં થાય કારણ કે હવે બીજા મધ્યમવર્ગીય લોકોની જેમ મને પણ આદત પડી ગઈ છે!!




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય "પદ્ય" પ્રસ્તુતિ.
વિભાગ : પદ્ય
શીર્ષક : પ્રકૃતિ-વાંસ-સમર્પણ

ન કરશો ઠેકડી,
નથી મારગ માં એકલી
નભની, વિશાળ છત્રછાયા,
વનરાજીની ભેંટ ઈશ્વરે મોકલી!
આછેરી પીળી ધરતી,
જોને પ્રેમાળ કેટલી!
વિહંગ વિહરે કરે કલશોર,
અંતઃમન શાંતિ એટલી!
રમત રમે ને ફરી જાય એ મનવા,
આ કુદરત નિખાલસ એટલી,
સાવ સીધા ઉભા આ વાંસ,
આપી જાય શીખ કેટલી,
જેટલા છીએ સરળ ને સીધા,
વ્હોરાઈ જવાની શક્યતા પ્રબળ એટલી,
છતાંય ઉગવું, કપાવું ફરી ઉગવું,
સદાય હામ રાખવી એટલી
અમથી કંઈ વાંસલડાની વાંસળી
શ્રી કૃષ્ણને પ્રિય એટલી!
અહો! આ વ્હાલી પ્રકૃતિમાં
સમર્પણ ભાવના કેટલી!
હું તો પામર મનખા દેહ
શું કામ રાખવી અહમની પોટલી!
કૂથલી, નિંદા, ઠેકડી તો બહુ છેટી હવે
મળ્યુ સાનિધ્ય આજ અદભૂત, હરખ ઘેલી થઈ એટલી!.

વૈશાલી જે મહેતા

---

ચિત્ર પરથી ગઝલ
વિષય - એકાંતમાં

આજ ખુદ ને ય મળવું છે એકાંતમાં,
લઈ જવું મન હૃદયને ય વિશ્રાંતમાં.
ખૂબ ભીતર ભરાયો તો ડૂમો હવે,
આંસુઓ સારવા થોડાં કલ્પાંતમાં.
મન વલય મસ્ત આકાર તો પામશે,
કાંકરી મારવી સરવરે શાંતમા.
વાંસના જંગલો વચ્ચે ચાલુ છું હું,
વાંસળી વાગી ખોવાઈ શ્રીકાંતમાં.
જિંદગીનો ય કરવો છે સ્વાધ્યાય પણ,
હું કરું ડોકિયું એના દ્દષ્ટાંતમાં.
ચાર વેદો બધાંયે મેં સમજી લીધા,
પાંચમો પ્રેમ માનું છું વેદાંતમાં.
જિંદગી આખી અંધારે વીતી ગઈ,
"દીપ" પ્રાગટ્ય થાશે તો યુગાંતમાં.

દીપક સિંહ સોલંકી "દીપ" આણંદ

---

છંદ મુતદારિક - ગાલગા ૪
સ્પર્ધા : ૭

ચિત્ર પરથી રચના
વિભાગ :પદ્ય / અછાંદસ
શીર્ષક :- સન્નાટા

બેચૈની બાર બાર
બેરહેમીસે માર રહી હૈ
તોડ જિંદગીકે સિતાર રહી હૈ
સિર્ફ તન્હાઈસે વાસતા હૈ,
સમજમેં નહિ આતા
બેવફા વો હૈ કી
યે રાસ્તા હૈ. !!
જિસ રાહપે
કભી ન બિછડને કી
કસમ ખાઈ થી
આજ સબસે બડી
વહીં ખાઈ હૈ...
દાસી થી કભી જો મેરી
વો ઉદાસી અબ
મેરી જાનકી પ્યાસી હૈ...
કુછ ઐસે
ઉસકે સિતમ હૈ
હર રૂહમેં
માતમ હી માતમ હૈ....
જિંદા ભી હું કી નહિ
વો કહેતા નહિ હૈ,
અબ ખૂન ખૂન કી તરહ
બહેતા નહિ હૈ.
જિન વાદીયોમેં ચલે કભી
અરમાન વહીં પે જલે સભી...
કરું ક્યા સોચ કે અબ !!"
સજદેમેં મેરે સદા ઉસકે સલામ થે,
મશહૂર મેરે પર ઉસકે સારે કલામ થે..!!
ફિર ભી
કહાં કિસી સે
કોઈ શિકાયત હૈ !
અબ તો
મેરી મુઝસે બગાવત હૈ....
ઓર તો ક્યા કહે એ જિંદગી..!!!
હર તરહસે ઘાટે મેં હું
સદમેં ઔર સન્નાટે મેં હું.... !!!

- ડો.નિષાદ ઓઝા "અમન"

---

વિભાગ : પદ્ય
પ્રકાર : હાયકુ
શિર્ષક : સફર

પથ પ્રયાણ
એકલ યાત્રી કરે
છે સુનિશ્ચિત!
લીલુડાં વાંસ
ખડા છે અડીખમ !
બંને કિનારે
વહે સમીર
સનન્ સુસવતો
ચોપાસ અહો!
રસ રેલાય
સોનલવર્ણો, વાંસ
વન ઉજાળે !

છાયા પ્રકાશ
રમે સંતાકૂકડી,
રસ્તા વચાળે!
નજર આભે
છવાય ચોપાસ જો
ઊંચા વાંસઝુંડો
માણું આલોક
નવજીવન તણો
મસ્ત સફરે!

કૌમુદી સોની સુરત

---

-ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ ૧)શીર્ષક-સન્નાટા ડો નિષાદ ઓઝા "અમન"
૨)શ્રશીર્ષક - પ્રકૃતિ -વાંસ- સમર્પણ વૈશાલી મહેતા
૩)શીર્ષક -સફર કૌમુદી સોની
૪)શીર્ષક -એકાંતમાં દીપકસિંહ સોલંકી"દીપ"

ગદ્ય વિભાગ
૧)શ્રશીર્ષક -પ્રભાત શ્રધ્ધા ભટ્ટ
૨)શ્રશીર્ષક -મક્કમ નિર્ધાર પૂજા (અલકા)કાનાણી
૩)શીર્ષક -મિશન-પ્રકૃતિ મનોજ પંચાલ"મન"

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ.
ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા, નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી
સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા
ગ્રાફિક્સ,ડીઝાઇન : પ્રણવ ઝાંખર





# વીએચપી અરવલ્લીએ શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર અયોધ્યા નિર્માણ અંતરંગ તીર્થ સ્થાનની માટી અને જળનું એકત્ર કર્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

ભગવાન રામચંદ્ર ના અયોધ્યામાં નવ નિર્માણ મંદિર માટે અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી મંદિર માંથી જળ માટી અને કળશ અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા એકત્રિત કરી અયોધ્યા મોકલવામાં આવી હતી છેલ્લા કેટલાક વર્ષોથી રામ મંદિર નિર્માણ માટે અયોધ્યા માં સુપ્રીમ કોર્ટે ના આદેશ મુજબ રામ મંદિર નું કામ ચાલુ કર્યું છે ત્યારે મંદિર નિર્માણ માં ભારત ના પવિત્ર તીર્થ માં થી જળ અને માટી કળશ માં ભરી લઈ જવામાં આવે છે ત્યારે ભવ્ય રામ મંદિર નાં નિર્માણ માટે ભારત ભરમાં આવેલ પવિત્ર યાત્રાધામ માં થી જળ અને માટી કળશ માં ભરી અયોધ્યા મોકલવામાં આવે છે તેજ રીતે આજરોજ યાત્રાધામ શામળાજી માંભગવાન શામળિયા ના મંદિર માંથી જળ માટી અને કળશ નું પૂજા અર્ચન કરી વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવ્યા અને આ તમામ પવિત્ર માટી જળ કળશ નું વિશ્વ હિન્દુ પરિષદ ના અનિલભાઈ પટેલ ગુજરાત રાજ્ય દુગા વાહિની નાં પ્રમુખ માલાબેન રાવલ તથા મોટીસંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહીને ભગવાન રામ નું ભવ્ય મંદિર નું નિર્માણ કાર્ય ચાલુ કરવામાં આવે તે હેતુથી ગુજરાત રાજ્ય નાપવિત્ર યાત્રાધામ શામળાજી માં જળ અને માટી કળશ માં ભરી અયોધ્યા મોકલવામાં આવી હતી

# શિક્ષણ : બાળકોનું કે વાલીઓનું?



લોકડાઉન દરમ્યાન શિક્ષણ વિષે લખાણ લખ્યા ત્યારે કેટલાક મિત્રોએ કહ્યું કે તમારા આ આંદોલનને અમારો ટેકો છે. શિક્ષણ સરકારી શાળામાં કે ખાનગી તે પસંદગી વાલીઓની હોય છે. બાળકને તો જે શાળામાં મૂકીએ, જેવું શિક્ષણ આપીએ તેવું એ મેળવે. શાળાની પસંદગી કરવાનો વાલીઓનો અધિકાર છે, કોઈને એમના બાળકને કઈ શાળામાં મૂકવું એ બાબતે ફરજ ના પાડી શકાય કે રોકી ના શકાય, માત્ર એમને સમજાવી શકાય.

આપણું કામ વાલીઓને એમના બાળકો સરકારી શાળામાં મુકવા માટે સમજાવવાનું અને સરકારને સરકારી શાળાઓ સુધારવાનું, નવી જરૂરી શાળાઓ ખોલવાનું સમજાવવાનું છે.

સરકારી શાળાઓમાં સંખ્યા વધવા માંડશે તો સરકારે આપોઆપ નવા ઓરડા બાંધવા પડશે, નવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખોલવી પડશે, નવી ભરતી કરવી પડશે, આમ અનેક પ્રકારના નવા રોજગાર પણ ઉભા થશે જે આખા યુવા-વર્ગને સલામત રોજગાર આપશે, અને બાળકો સારું, સસ્તું શિક્ષણ પામશે.

એટલે, સરકારી શાળાઓને, શિક્ષકોને મદદ કરવી, વાલીઓને સમજાવવા એ સુધારાનો એક ભાગ છે જે સતત વાતચીતમાં, સામાજિક પ્રસંગોમાં, મિલનોમાં ચાલતો રહેવો જોઈએ. એના માટે રેલીઓ-સભા-સરઘસો-દેખાવો કરવાની જરૂર નથી. આપણે સતત 'સરકારી શિક્ષણ'ની વાત કરતા રહીએ. વાતથી જ શરૂઆત થશે અને આગળ વધશે. આંદોલન કરવું જ પડે તો સરકાર સામે સગવડો વધારવા માટે કરવું પડે, પરંતુ એ પહેલા સરકારી શાળાઓમાં સંખ્યા તો વધારવી જ પડે ને..?

આ વર્ષે ઘણા વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં મુક્યા છે, આપણે સતત બોલતા-સમજાવતા રહીશું તો એકાદ વર્ષમાં ઉડીને આંખે દેખાય એવો ફર્ક અવસ્ય પડશે...

આપણે વાત-સમજાવટ અને મદદ ચાલુ રાખીએ.

સાગર રબારી

# વારાહી પુરવઠા ગોડાઉન મેનેજર દ્વારા સરકારે ફાળવેલ મીઠાનો જથ્થો ફેંકી દેવામાં આવ્યો

( રાધનપુર તા .૨૭ ) સાંતલપુર તાલુકામાં રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા અંતોદય અને બીપીએલ કાર્ડ ધારકો માટે સસ્તા અનાજની દુકાનમાં ફાળવવામાં આવેલ અનાજનો જથ્થો લોકો સુધી પુરતો ના પહોંચતો હોવાની બુમ રાડો વચ્ચે સરકારી આયોડીન યુક્ત મીઠાનો જથ્થો ગોડાઉન મેનેજર દ્વારા ફેકી દેવામાં આવતા સરકારી યોજનાઓ નો અમલ માત્ર કાગળ પરજ થતો હોવાનુ જણાઈ રહ્યુ છે . સારતલપર તાલુકા મથક વારાહી ખાતે આવેલ સરકારી પુરવઠા ગોડાઉનના પાછળના ભાગે બાવળની ઝાડીમાં ગોડાઉન મેનેજર દ્વારા ૨૦ જેટલા સરકાર દ્વારા ફાળવવામાં આવેલ આયોડીન યુક્ત મીઠાની બોરીઓ ફેકી દેવામાં આવી હતી . ગરીબ અને મધ્યમ પરીવારોના સ્વાસ્થની ચીતા કરી આયોડીન યુક્ત મીઠું આવા પરીવારોના ઘરોમાં પહોંચતુ કરવા સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો દ્વારા વિતરણ કરવામાં આવે તેવી યોજના બનાવવામાં આવેલ છે પરંતુ સાંતલપુર તાલુકામાં આયોડીન યુક્ત મીઠું લોકોના ઘરોમાં પહોંચવાની જગ્યાએ સરકારી મીઠાના ૨૦ જેટલી બોરીઓ ગોડાઉનના પાછળના ભાગે બાવળોની ઝાડીમાં ફેકવામાં આવી હતી .

ગોડાઉન પાછળ ફેંકવામાં આવેલ મીઠાની બોરીઓ પર કટપર સ્ટેટ ઓફ ગુજરાત નો માર્કો મારેલો જોવા મળતો હતો જયારે બોરીની અંદર મીઠાનો જથ્થો હોવાનું જણાતુ હતુ સાંતલપુર તાલુકાની અભણ અને ભોળી પ્રજાને એ પણ ખબર નથી કે સરકાર દ્વારા સસ્તા અનાજની , દુકાનોમાં રેશનકાર્ડ ઉપર કેટલો અનાજનો જથ્થો મળે છે અહી ના સંચાલકો દ્વારા જે અનાજનો જથ્થો આપવામાં આવે તે લોકો દ્વારા લઈ લેવામાં આવતો હોય છે જયારે અનાજ સાથે એક કીલો મીઠાની થેલીઓ અગાઉ સરકાર દ્વારા આપવામાં આવતી હતી પરંતુ આ વખતે મીઠાની બોરીઓ આવતા સંચાલકોને મીઠું જોખવાની ઝંઝટમાંથી છુટકારો મેળવવા મીઠાનો જથ્થો લીધો ના હોવાનું અને તેનો બારોબાર ગોડાઉન મેનેજર દ્વારા નીકાલ કરવામાં આવ્યો હોવાના કારણે આયોડીન યુક્ત મીઠુ લોકોના ઘેર પહોંચાડવાની સરકારી યોજનાનો તાલુકામાં ફીયાસ્કો થયેલો જોવા મળતો હતો .ધ્રુવ દવે.સિદ્ધપુર

### અરવલ્લીના ભિલોડાના અને મેઘરજના

# આદિજાતિ વિસ્તારોમાં કોરોનાના કપરા સમયે પણ શિક્ષણની જયોત પ્રજજવલિત



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાના મહામારીના કારણે વિધાર્થીઓ સમગ્ર રાજયમાં શાળાઓ બંધ કરવામાં આવી છે ત્યારે વિધાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે તે માટે ઇ-લર્નિંગની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ અંતરીયાળ વિસ્તારોમાં આ પ્રકારની સુવિધા નથી તેવા બાળકોના ઘર આંગણે જઇ સારસ્વતોએ શિક્ષણની સેવા આપી જયોત પ્રજજવલિત રાખી છે.

અરવલ્લીમાં કોરોનાનો વ્યાપ વધતા કોરોનાનો આંક ૨૦૦ને પાર પંહોચી ગયો છે. જેમાં ગ્રામ્ય વિસ્તારનો પણ સમાવેશ થાય છે. જેને લઇ ગ્રામ્ય વિસ્તારમાં બંધ પ્રાથમિક શાળાના વિધાર્થીઓના શિક્ષણ કાર્યને માઠી અસર ન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિધાર્થીઓને ડી.ડી ગિરનાર અને વંદે ગુજરાત ચેનલ મારફતે હોમ લર્નિંગનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ અરવલ્લી જિલ્લાના આદિજાતિ અને અંતરીયાળ વિસ્તારોમાં જયાં ઇન્ટરનેટ કે ટીવી ઉપલબ્ધ નથી તેવા ગામોમાં શિક્ષકો બાળકોના ઘર આંગણે જઇને શિક્ષણ આપી રહ્યા છે. જેમાં ભિલોડામાં ધોરણ ૧થી ૮ના ૨૬૭૯૫ અને મેઘરજના ૨૧૯૬૧ બાળકો પૈકી જયાં સુવિધા ના હોય ત્યાં શિક્ષકો દ્વારા તેમની ફળીયામાં જઇ સોશ્યિલ ડિસ્ટન્સ સાથે શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. સમગ્ર રાજયમાં આમ તો જૂન માસ દરમિયાન શાળા પ્રવેશોત્સવ થકી પ્રવેશપાત્ર બાળકોને ધોરણ-૧માં પ્રવેશ અપાતો હોય છે પરંતુ ચાલુ સાલ કોરોનાની મહામારીના કારણે શાળા બંધ હોવા છંતા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લામાં ધોરણ-૧માં પ્રવેશપાત્ર ૧૫૨૨૧ ભૂલકાઓને પ્રવેશ આપી તેમના શિક્ષણકાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

જયારે અરવલ્લીના ૫૫૨૭ સારસ્વતોએ કોરોનાના સંકટ સમયે શિક્ષણની ચિંતા કરી ૧,૧૫,૧૭૯ વિધાર્થીઓને એલર્ટનેટીવ લર્નિંગ સાહિત્યનું વિતરણ કર્યુ છે જેથી કયા સમયે શુ પ્રસારણ થવાનું છે તેની જાણકારી મળી રહે. આ અંગે વાત કરતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એ.કે. મોઢપટેલે જણાવ્યું હતું કે વિધાર્થીઓના ઇ-લર્નિંગ પૂર્ણ થયા બાદ શાળાના શિક્ષકો દ્વારા તેમના વાલીઓ અને વિધાર્થીઓને ફોન કરી તેમને કયા પાઠનું પઠન કરાવ્યું તેની જાણકારી મેળવવામાં આવે છે જો તેમાં કઇ માર્ગદર્શનની જરૂરીયાત હોય તો તેમના ઘરે જઇ તે વિષય પર ચર્ચા કરવામાં આવે છે. જેમાં જિલ્લામાં હાલ ધોરણ-૨ના ૧૪૮૨૭, ધોરણ-૩ના ૧૪૯૪૮, ધોરણ-૪ના ૧૫૧૯૨, ધોરણ-૫ના ૧૫૧૨૬, ધોરણ-૬ના ૧૪૨૭૮,ધોરણ-૭ના ૧૩૪૭૩ જયારે ધોરણ-૮ના ૧૩૮૯૯ વિધાર્થીઓને હોમ ર્લનિંગ શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે.

### મોડાસામાં કોરોનાનો કહેર યથાવત

# જૈનબ પાર્કની મહિલાને કોરોના ભરખી ગયો,શહેરમાં વધુ ત્રણ લોકો કોરોનાગ્રસ્ત,જીલ્લાનો આંક ૨૧૯ પર પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા




અરવલ્લી જીલ્લામાં કોરોનાના દિન-પ્રતિદિન કેસમાં વધારો થઇ રહ્યો છે જીલ્લામાં સૌથી વધુ મોડાસા શહેરના લોકો કોરોનાગ્રસ્ત બની રહ્યા છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનની અસર જોવા મળી રહી છે જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના સામે હથિયાર હેઠા મૂકી દીધા હોય તેમ મોડાસા શહેરમાં બેકાબુ બની રહેલા કોરોનાને નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યું હોય તેવું નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે કાળમુખો કોરોના મોડાસાના ધનસુરા રોડ પર આવેલી જૈનબ પાર્કમાં રહેતી મહિલાને ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે મહિલાનું હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા નગરજનોમાં ચાલતી ચર્ચા હિંમતનગર સિવિલમાં લઈ જતા કોરોનાગ્રસ્ત દર્દી પાછા આવતા ન હોવાની વાતને વધુ એકવાર વેગ મળ્યો છે જીલ્લામાં કોરોનાનું હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં જે રીતે મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા શહેર જાણે ડેથસ્પોટ તરફ સરકી રહ્યું હોય તેવો અહેસાસ લોકોને થતા ફફડી ઉઠ્યા છે. રવિવારે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ ગોપી વલ્લભ ફ્લેટમાં રહેતો ૪૦ વર્ષીય યુવક,સુથારવાડા માં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધા, ન્યુ લક્ષ્મી સોસાયટીમાં રહેતા ૫૩ વર્ષીય આધેડ અને મેઘરજ ૫૧ વર્ષીય આધેડનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતાં મોડાસા શહેરમાં ત્રણ અને મેઘરજમાં વધુ એક કોરોના પોઝેટીવ દર્દી મળી આવતા જિલ્લામાં કોરોનાનો આંક ૨૧૯ પર પહોંચ્યો છે આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્રે રાબેતા મુજબ કોરોનાગ્રસ્ત દર્દી મળી આવેલ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવા અને સર્વેની કામગીરી હાથધરી હતી મોડાસા

શહેરમાં કોરોના બેકાબુ બનતા શહેરીજનોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે.

અનલોક-૧માં વેપાર-ધંધાની છુટછાટ સાથે સમગ્ર અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધતા દિવસેને દિવસે જિલ્લામાં કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે.જીલ્લામાં દરરોજ ચાર જેટલા કોરોનાના પોઝેટીવ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્ર સહિત વહીવટી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો. તેમાંય જિલ્લાના વડા મથક મોડાસા ખાતે છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાથી ૩ લોકોનો મોત નિપજતા અને કોરોનાગ્રસ્ત દર્દીના જાણે-અજાણે સંપર્કમાં આવેલ લોકો કોરોનામાં સપડાતાં શહેરમાં ભારે ખળભળાટી મચી જવા પામી છે.

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના પોઝિટિવની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. જેમાં સૌથી વધુ ગંભીર સ્થિતિ મોડાસા શહેરની છે જેમાં કોરોનાગ્રસ્ત બનેલ દર્દીઓનો મૃત્યુ આંક સતત વધી રહ્યો છે ત્યારે તંત્ર પણ સબ સલામતની વાત કરી રહ્યું છે, તંત્ર દ્વારા કડકાઈથી અમલ કરવામાં નહી આવે તો આવનારા સમયમાં કોરોના પોઝિટિવના આંકડામાં વધારો થાય તો નવાઈ નહીં. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર હવે કડક વલણ અપનાવવાની જરૂર જણાય છે.

મોડાસા શહેરમાં જે રીતે કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે તે જોતા આગામી દિવસોમાં કોરોના વાયરસનું સંક્રમણ રોકેટ ગતિએ વધે તેવી સંભાવના છે ત્યારે ખાસ કરીને મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં કોરોના વાયરસે માથુ ઉચક્યું છે તેમજ શહેરના માલપુર, મેઘરજ રોડ,સહયોગ ચોકડી નજીક પણ કોરોનાના કેસ બહાર આવતા લોકોએ સ્વયંમ જાગૃત અને સતર્ક બનવું પડશે લોકોએ કામ સિવાય બહાર નીકળવાનું અને રહેણાંક વિસ્તારોમાં ટોળેવળી ગપ્પા મારવાનું છોડવું પડશે નહિ તો આગામી દિવસોમાં કોરોનાનો અજગરી શકંજો ભીડાય તો નવાઈ નહિ..!!

### ડેમાઈ જીલ્લા પંચાયત સદસ્યનો આક્ષેપ

# ગાયને કતલખાને લઈ જવા આર.આર.સેલના પોલીસકર્મીના પીકપ ડાલાનો ઉપયોગ થતો હતો

અરવલ્લી બ્યુરો મોડાસા



પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મીઓ ખાખીને દાગ લગાડી રહ્યા છે ખાખીની આડમાં ગેરકાયદેસર પ્રવૃતિઓમાં અનેકવાર પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મીઓની સંડોવણી હોવાની બૂમો છાસવારે ઉઠી રહી છે ત્યારે અરવલ્લી બાયડ તાલુકાની ડેમાઈ જીલ્લા પંચાયત સીટના કોંગ્રેસના સદસ્ય કીર્તિ પટેલે અને ગામના યુવાનોએ પીકઅપ ડાલામાં બાંધી રાખેલ ગાય સાથે પીકપડાલાને ઝડપી લીધું હતું અને ફેસબુક લાઈવ કરી પીકપડાલુ ગાંધીનગર આર.આર.સેલમાં ફરજ બજાવતા ઈમરાન ભાઈ નામના પોલીસકર્મીનું હોવાનું અને તેમની સંડોવણી હોયતો તેમની સામે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ કરી હતી પીકઅપ ડાલા સાથે પકડાયેલ શખ્શોને બાયડ પોલીસ સ્ટેશને લઈ જવાતા બાયડ તાલુકાના ભાજપના અગ્રણી આરોપીઓને છોડાવવા પોલીસ સ્ટેશન પહોંચતા જીવદયા પ્રેમીઓમાં નેતા સામે ભારે રોષ જોવા મળ્યો હતો બીજી બાજુ બાયડ પોલીસ સ્ટેશનમાં પીકઅપ ડાલામાં રહેલી ગાય અંગે કોઈ ગુન્હો નોંધાયો નથી પીકઅપ ડાલાના ડ્રાઈવર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હોવાનું ફરજ પરના પીએસઓએ જણાવ્યું હતું

અરવલ્લી જીલ્લામાં ગેરકાયદેસર કતલખાનાં ધમધમી રહ્યા છે જેમાં ગૌવંશની મોટા પ્રમાણમાં હત્યા કરી તેના માંસને અમદાવાદ વિવિધ વાહનો મારફતે ઠાલવવામાં આવી રહ્યું છે જીલ્લામાં કસાઈઓ પોલીસતંત્રની ઢીલી નીતિના પગલે બિંદાસ્ત વાહનોમાં ગૌવંશ અને અન્ય પશુઓની મોટા પ્રમાણમાં કતલખાને પહોંચાડવા ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યા છે

બાયડ તાલુકાની ડેમાઈ જિલ્લા પંચાયત સદસ્ય કીર્તિ પટેલ અને યુવાનોએ ડેમાઈ નજીકથી શનિવાર રાત્રે કપડવંજ તરફથી પીકઅપ ડાલામાં ગાય ભરીને પસાર થતું અટકાવ્યુ હતું કીર્તિ પટેલે ફેસબુક લાઈવ કરી પીકપડાલા કોનું છે અંગે ડ્રાઈવરની પૂછપરછ કરી ઓર્ડર નંબર માંગતા પીકઅપ ડાલુ આર.આર.સેલ ગાંધીનગરમાં ફરજ બજાવતા ઈમરાન ભાઈ ખોખર નામના કર્મચારીનું હોવાનું અને આ અંગે કીર્તિ પટેલે ઈમરાન ખોખર સાથે વાત કરતાં તેમને પીકઅપ ડાલુ ભાડે આપેલ હોવાનું જણાવ્યું હોવા અંગે રેર્કોડિંગ પણ તેમની પાસે હોવાનું એફબી લાઈવમાં જણાવ્યું હતું પોલીસ જ પોલીસ કર્મચારીને છાવરતી હોવાની અને ઈમરાન નામના પોલીસકર્મી સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરતાં પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો છે ગૌવંશને ગેરકાયદેસર કતલખાને ધકેલવાનું મોટું કૌભાંડ ચાલતું હોવાનું અને આની સાચી દિશામાં તપાસ થાય તો મોટા રેકેટનો પર્દાફાશ થઇ શકે છે તેમ જણાવ્યું હતું

### ચાણસ્મા જી.આઈ.ડી.સી. પાછળ આવેલા

# તળાવમાંથી અજાણ્યા યુવાનની લાશ મળતાં ચકચાર


ચાણસ્મા જી.આઇ.ડી.સી. ની પાછળ આવેલા તળાવમાં લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. ચાણસ્મા શહેરમાં આવેલા ભુલાપુરા માં રહેતાં નવિનભાઇ ગીરધરભાઇ ગંગારામ ભાઇ પટેલ તેમના ખેતરમાં આ તળાવ પાસેથી પસાર થઇ રહ્યા હતા.ત્યારે તળાવમાં એક લાશ તરતી જોવા મળતાં આજુબાજુ ના લોકો ને જાણ કરત્ ભેગા થયેલા લોકોએ ચાણસ્મા પોલીસ મથકે જાણ કરતાં પી.એસ.આઇ. પરમાર સ્ટાફ સાથે ઘટના સ્થળે આવી લાશ નું પંચનામું કરી લાશ ને પી.એમ. માટે ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપી હતી. લાશની સંપૂર્ણ તપાસ કરવા છતાં લાશ ની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળ્યા નથી. હાલતો લાશ નું પી.એમ. કરાવી લાશ ની દફન વિધિ કરવામાં આવી છે.

પી.એસ.આઇ. પરમાર શું કહે છે?

ચાણસ્મા જી.આઇ.ડી.સી. પાછળ આવેલા તળાવમાં એક લાશ તરતી હોવાની જાણ થતાં ધટના સ્થળે જઇ લાશ તળાવની વચ્ચે હોઇ અને તળાવ પાણીથી ભરેલું અને ધણું ઉડાઇ વાળું હોઇ સ્થાનિક લોકો ની મદદથી લાશ ને બહાર કઢાવી હતી.અંદાજે ચાર પાંચ દિવસ થી તળાવમાં લાશ પડી રહી હોવાથી જીવાત અને માછલીઓ દ્વારા ખાવાથી દુર્ગંધ મારતી હતી. જેથી ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ. કરાવી સ્મશાન ગૃહમાં દફનાવી દેવામાં આવી હતી. હાલતો મૃતક નું ડુબવા થી મોત થયું હોવાની પી.એમ. નોંધ ના આધારે એડી દાખલ કરી તપાસ હાથ ધરી છે. મૃતક યુવક ૩૫ વર્ષ નો હોવાનો અંદાજ આવે છે. લાશ ની તપાસ કરતાં લાશની ઓળખ નો કોઈ પુરાવો ના મળતા લાશ ના ફોટા ના આધારે જી.આઇ.ડી.સી. વિસ્તારમાં અને આજુબાજુ લાશની ઓળખ માટે તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.નિખિલ જોષી ચાણસ્મા

# શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અંબાજી મંદિરે પહોંચી માં અંબાના દર્શન કર્યા

(માહિતી બ્યુરો, પાલનપુર)



લોકડાઉન ખુલ્યા બાદ અનલોકમાં સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વાર ખુલ્લા મુકાતા યાત્રિકો સહિત મહાનુભવો પણ માં અંબા ના દર્શને અંબાજી પહોંચી રહ્યા છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રી અંબાજી આવ્યા બાદ આજે વધુ બે મંત્રીઓ અંબાજી દર્શને પહોંચ્યા હતા. ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય શાહ સહિત અંબાજી મંદિરે પહોંચી લોકડાઉન બાદ પ્રથમ વખત માં અંબા ના દર્શનનો લાભ લીધો હતો. જોકે હાલમાં ગર્ભગૃહમાં vip દર્શન બંધ હોવાથી રાજયમંત્રી સહીત ધારાસભ્યોએ અન્ય યાત્રિકોની જેમ જ બહાર થી દર્શન કર્યા હતા સાથે માતાજીની ગાદી ઉપર જઈને ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેશભર માંથી કોરોના વાયરસ દૂર થાય તેવી પણ માતાજીને પ્રાર્થના કરી હતી. એટલું જ નહીં ગુજરાતમાં શિક્ષણ રાબેતા મુજબ ક્યારે થશે તેવા સવાલ સામે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા એ જણાવ્યું હતું કે અમે શિક્ષણવિદો, મનોચિકિત્સકો તેમજ આરોગ્ય વિભાગ સાથે ચર્ચાઓ કરીને સંતોષપૂર્વક નિર્ણય આવશે ત્યારે રાજયનું શિક્ષણ રાબેતા મુજબ થશે તેમ જણાવ્યું હતું.

જોકે લોકડાઉનને લઈ અંબાજી મંદિરમાં હોમહવન પણ બંધ કરી દેવાયા હતા પણ આજે નવરાત્રીની આઠમે મંદિર પરિષરમાં ફરી હોમ હવનની શરૂઆત કરવામાં આવી છે અને આજે આઠમે રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા એ પોતાના પરિવાર સાથે માતાજીનો હવન કર્યો હતો અને પ્રથમ વખત હવન કરી ગુજરાત અને દેશ કોરોનામુક્ત બને તેવી પ્રાર્થના કરી હતી. આજે દસ્કોઈ ના ધારાસભ્ય બાબુ જમના પટેલ અને રાકેશ શાહ ધારાસભ્ય હાજર રહ્યા હતા આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ ના વહીવટદાર એસ. જે. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી



**બનાસકાંઠા અંબાજી મંદિર ખાતે ૨ મંત્રી દર્શન કરવા આવ્યા ગુજરાત ના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અંબાજી મંદિર આવ્યા સાથે ધર્મેન્દ્ર સિંહ મિનિસ્ટર પણ આવ્યા લોક ડાઉન બાદ પ્રથમ વખત માં અંબા ના ધામ પહોંચ્યા બાબુ જમના પટેલ ,રાકેશ શાહ સહીત ના ધારાસભ્યો પણ અંબાજી મંદિરપહોંચ્યા સાત નંબર ગેટ થી મંદિર પ્રવેશ કર્યો ધર્મેન્દ્ર સિંહ જાડેજા એ પરિવાર સાથે હવન કર્યો લોક ડાઉન બાદ પ્રથમ વાર હવન શરૂ થયા આજે હવન શાળા મા મંત્રી હવન મા બેઠા ગુજરાત અને દેશ કોરોના મુક્ત બને તેવી પ્રાર્થના કરી.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી**

**બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે,
મારા મોટા પુત્ર શ્રી **મહેન્દ્રસિંહ અસરસિંહ વાઘેલા** નું
તા.૨૪/૦૬/૨૦૨૦ બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

તારીખઃ- ૨૯/૦૬/૨૦૨૦, સોમવાર., સમયઃ- સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાકે
સ્થળઃ- કોમ્યુનિટી હોલ, રામદેવપીર મંદિર પાસે

લિ. **અસરસિંહ નેનસિંહ વાઘેલા** (પિતા)

રાજેન્દ્રસિંહ અસરસિંહ વાઘેલા (ભાઈ)
અનિરુદ્ધસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા (પુત્ર)
ભવ્યદિપસિંહ અનિરુદ્ધસિંહ વાઘેલા (પૌત્ર)
મહિપતસિંહ નેનસિંહ વાઘેલા (કાકા)
દિલીપસિંહ નેનસિંહ વાઘેલા (કાકા)
કલ્યાણસિંહ નેનસિંહ વાઘેલા (કાકા)
યોગેન્દ્રસિંહ અજીતસિંહ વાઘેલા (ભાઈ)
દેવેન્દ્રસિંહ કનુસિંહ વાઘેલા (ભાઈ)

નિવાસસ્થાનઃ ૭૨ સોમનાથ સોસાયટી, પેથાપુર (મો.૯૯૦૪૧ ૫૮૪૦૭, ૮૨૦૦૪ ૬૦૨૪૬)

# વંથલી પોલીસે જુગાર રમતા છ પતાપ્રેમી ને ઝડપ્યા બે ફરાર

(જીજ્ઞેશ પટેલ દ્વારા )

નાયબ પોલીસ મહાનીરીક્ષક સાહેબ મનીદર પ્રતાપ પવાર સાહેબ જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક સૌરભસીંધ સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક સાહેબ જે. બી. ગઢવી સાહેબની સુચના મુજબ જીલ્લા માં ચાલતી ગેરકાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા વંથલી પોલીસ સ્ટેશન ના નવનિયુક્ત પીએસઆઇ બી.કે.ચાવડા એ પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપતાવંથલી પોલીસ સ્ટેશન ના પો.હેડ.કોન્સ એસ.ડી. સોંદરવા અને પો.કોન્સ ખીમજીભાઈ લખમણભાઈ સીસોદીયાને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે

વંથલી તાલુકાના ખોખરડા ગામની કરારની સીમમાં આવેલ તેના કબ્જા ભોગવટાની વાડીના મકાનમાં જગમાલભાઈ ઉર્ફે બુધાભાઈ નાથાભાઈ બોરીચા ખોખરડા વાળો બહારથી માણસો બોલાવી ને ગંજીપતાના પાના વડે પૈસાની હારજીત કરી જુગાર રમી રમાડીપોતાના આર્થિક ફાયદા શારૂ નાલના પૈસા ઉઘરાવી જુગાર નો આખાડો ચલાવે છે જેથી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા કુલ આઠ આરોપીઓ હોય જેમાં છ આરોપીઓ ને ઝડપી પાડયા જેમાં બે મહિલાઓ પણ હોય તેમજ બે આરોપીઓ નાશી ગયેલ હોય જેને પકડવા પોલીસે ચક્રોગતિમાન કર્યો છે અને પકડાયેલ આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૭૫,૯૭૦ તથા મોબાઈલ ફોન પાંચ કિ.રૂપિયા ૭૫૦૦ મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૮૩,૪૭૦ સાથે પકડી પાડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી હાથધરી હતી

- અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

# સાંતલપુર તાલુકાના ડાલડી સીમમાંથી પસાર થતી પરસુંદ ડીસ્ટ્રીબ્યુટી કેનાલની કામગીરી સામે ખેડૂતોમાં રોષ



( રાધનપુર તા .૨૮ ) સાંતલપુર તાલુના ડાલડી ગામની સીમમાંથી પસાર થતી પરસુંદ ડીસ્ટ્રીબ્યુટી કેનાલ ખેતરીના લેવલથી પચ્ચીસેક ફુટ નીચે બનાવવામાં આવેલ હોવાને કારણે ચોમાસામાં વરસાદને કારણે ખેતરોનું ધોવાણ થવાને કારણે માટી કેનાલમાં ભરાતા કેનાલ ચોકપ થતા વારંવાર કેનાલ તુટવાને કારણે નુકશાની વેઠતા ખેડૂતોમાં કેનાલની કામગીરી સામે રોષ વ્યાપ્યો હતો . ડાલડી ગામની સીમમાં આવેલ સર્વે નંબર ૩૦૩ , ૩૫ અને ૩૦૬ નંબરના ખેતરોમાંથી બામરોલી ડીસ્ટ્રીબ્યુટી કેનાલ પસાર થાય છે . કેનાલનું ખોદકામ વરસે ૨૦૧૨ માં કરવામાં આવ્યુ હતુ ત્યારે ખેડૂતોની જમીન સંપાદન થયેલ તે જમીનના લેવલ કરતા કેનાલ ઉંડી બનાવી કાચુ કામ કરવામાં આવ્યુ હતુ . આઠેક વરસથી બનેલી કાચી કેનાલમાં પાણી છોડવામાં આવે અથવાતો વધુ વરસાદ પડે ત્યારે કેનાલ નજીકના ખેતરોની માટી દડીને કેનાલમાં પડતા આજે ખેતરોમાં મોટી મોટી ખાડ પડવા પામી હતી . નિગમ દ્વારા આઠેક વરસ અગાઉ બનાવવામાં આવેલ કાચી કેનાલની ફરી કામગીરી શરુ કરવામાં આવતા ખેડૂતોએ વિરોધ કર્યો હતો .

અને અંડરગ્રાઉન્ડ કેનાલ બનાવવાની માંગ કરી હતી અહી ખેતર ધરાવતા મનુભાના જણાવ્યાનુસાર ૨૦૧૨ થી કાચી કેનાલ બનાવવામાં આવેલ છે જેના કારણે અમારા ખેતરોનુ ધોવાણ થાય છે અને કેનાલ ખેતરના તળીયા લેવલથી પચ્ચીસ થી ત્રીસેક ફુટ નીચે બનાવવામાં આવેલ છે જેના કારણે ચોમાસામાં કેનાલમાં ખેતરોની માટી ભરાય છે અને અમારા ખેતરોને મોટાયાયે નુકશાન થાય છે આ બાબતે દ્રમદા નિગમના અધીકારી સમક્ષ અનેક વખત રજુઆતો કરવા છતા અધીકારીઓ સાંભળતા નથી અને કેનાલનું કામ રો કશોતો પોલીસ બોલાવવાની અમોને ધમકી આપવામાં આવતી હોવાનુ ખેડૂતે જણાવ્યુ હતુ . અંડર ગ્રાઉન્ડ કેનાલ બનાવવી જોઈએ .

ઝઝામથી પરસુંદ જતી કેનાલ ડાલડી ગામની સમીમાં જમીન લેવલથી પચ્ચીસ ફેટ નીચે બનાવવામાં આવેલ છે જેના કારણે દર વરસે ચોમાસામાં બન્ને તરફથી માટી આવતા કેનાલ પુરાઈ જાય છે અને આજુ બાજુમાં લોકો રહેતા હોવાને કારણે કેનાલમાં છોકરાઓ પણ પડી જવાનો ભય છે દોઢ થી બે કીલોમીટર જેટલામાં અન્ડર ગ્રાઉન્ડ કેનાલની કામગીરી કરવામાં આવેતો કાયમી સમસ્યાનો અંત આવે તેવુ તાલુકાના આગેવાન ઈશુભા મલેકે જણાવ્યુ હતુ .ધ્રુવ દવે.સિદ્ધપુર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.